**સુવિચાર**
આત્મજાગૃતિ માટે દર એક કલાકે ફક્ત એક મિનિટ આત્મચિંતન માટે કાઢવી કે હું દેહ નથી પણ આત્મા છું
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૧/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૦૨૮

## મધ્યમવર્ગીય ખેડૂત પરિવારની ૬ માસની બાળકીની મદદ માટે સમગ્ર વિશ્વમાંથી સહાય મળી

# ભૈ વાહ : વડિયાની "વૃંદા" નામની બાળકીની સારવાર માટે ૧૭.૫ કરોડ એકત્ર

**મુંબઇની હિન્દુજા હોસ્પિટલમાં સારવાર સફળ રીતે પૂર્ણ થતા બાળકીને નવજીવન પ્રાપ્ત થયું**

**રાજ્ય સરકારે રૂપિયા ૧૦ લાખની મદદ કરી, કેન્દ્ર સરકારે આયાત થતી દવાની ડયુટી માફ કરી દીધી**

**બાળકીની મદદ માટે સૌ કોઇએ સોશ્યલ મિડિયાના માધ્યમથી અપિલ કરતા સમગ્ર વિશ્વમાંથી જરૂરી રકમ એકત્ર થઇ**

**વિદેશમાં વસતા ગુજરાતી પરિવારોએ તેમની તિજોરી નાની એવી બાળકીના જીવન માટે ખુલ્લી કરી દીધી**







તસ્વીર : જીતેશગીરી ગોસાઇ-વડીયા

વડિયા, તા. ૧૨

વડિયામાં ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવતા ખેડૂત પરિવાર નિકુંજભાઈ હીરાપરા ને ત્યાં છ માસ પેહલા દીકરીનો જન્મ થયો હતો. આ લાડકવાયી દીકરી નુ નામ 'વૃંદા' રખાયું થોડા સમયબાદ તે દીકરીની તબિયત લથડતા તેમને સારવાર અર્થે રાજકોટ, અમદાવાદ અને મુંબઈ નામાંકિત ડોકટરો પાસે સારવાર અર્થે જતા તેને મસ્ક્યુલર એટ્રોફી ની બીમારી હોય તેમની સારવાર માટે ૧૭.૫ કરોડ નો ખર્ચ હોવાનુ જાણવા મળ્યું હતુ. ત્યારે આ લાડકવાયી દીકરી ની સારવાર માટે તેના માતા પિતા અને પરિવારજનોએ લોકો સામે હાથ લાંબાવ્યો હતો અને તે માટે સ્થાનિક રાજકીય નેતાઓ, સોશ્યલ મીડિયા સ્ટાર, વિદ્યાર્થીઓ દ્વારા પણ લોકોને અપીલ કરી મદદરૂપ થવા આહવાન કરાયું હતુ.

આ માટે મુખ્યમંત્રી રાહત ફંડ માંથી પણ દસ લાખ રૂપિયા ની સહાય અપાઈ હતી પરંતુ મોટા ખર્ચ ને પહોંચી વળવું મુશ્કેલ હોય ત્યારે વિશ્વ માં વસતા ગુજરાતીઓને અપીલ કરાતા અમેરીકા સ્થિત વસવાટ કરતા ગુજરાતના લોકોએ ઘટતી તમામ રકમની મદદ આપવા જણાવતા જાણે એક માં-બાપનો દીકરી માટે ની મદદનો પોકાર ઈશ્વરે સાંભળ્યો હોય અને કુદરત ને ઘેર દેર છે પણ અંધેર નથી. તેમ દીકરીની સારવાર માટે મુંબઈની હોસ્પિટલ માં દાખલ થઈ વિદેશથી જરૂરી સામગ્રી મંગાવવા ની પ્રકિયા હાથ ધરાઈ હતી. આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારત સરકારે પેન ઈમ્પોર્ટ ડયુટી માફ કર્યા નું જાણવા મળી રહ્યું છે. અને આ દીકરી વૃંદા ની સારવાર ગઈકાલે સફળ રીતે થતા ૧૭.૫ કરોડનો ખર્ચ કરી ગરવા ગુજરાતીઓ એ દીકરીને નવુ જીવન આપ્યું હોય ત્યારે વડિયા વાસી લોકો અને વૃંદા ના પરિવાર જનોમાં આજે જાણે દિવાળી જેવો માહોલ સર્જાયો હોય તેવુ જોવા મળી રહ્યું છે.

આ તકે વૃંદા ના પિતા નિકુંજભાઈ નો સંપર્ક કરતા તેમના જણાવ્યા મુજબ ખુબ મોટી રકમ માટે ગુજરાત સરકાર અને દાતાઓના દાન થી મારી દીકરી ને સારવાર મળી અને નવુ જીવન મળ્યું છે તેમાં સહયોગી થનાર તમામ દાતાઓ અને લોકોનો આભાર વ્યકત કાર્યો હતો. અને દરેક બીમાર દીકરી કે દિકરા માટે જયારે લોકો મદદ માંગે ત્યારે મદદરૂપ બનવા અપીલ કરી હતી.

## સિક્યુરીટી ગાર્ડને માર મારીને

# બાબરાનાં ગળકોટડી નજીક જીનીંગમીલમાં લુંટ ચલાવનાર પાંચ ઈસમોની અટકાયત

**એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૧૨

બાબરા તાલુકાનાં ગળ કોટડી ગામ નજીક આવેલ જીનીંગ મીલમાં સિકયુરીટી ગાર્ડને માર મારી લુંટ ચલાવનાર ઈસમોને પકડી પાડી, લુંટનો અનડીટેકટ ગુનો અમરેલી એલ.સી.બી. ટીમે ડીટેકટ કરેલ છે.

ગુનાની વિગત એવા પ્રકારની છે કે બાબરા તાલુકાનાં ગળ કોટડી ગામની નજીક, રાજકોટ-ભાવનગર હાઈવે રોડ ઉપર આવેલ લક્ષ્મી કોટેક્ષ નામના કપાસના જીનમાં ગઈ તા. ૦૫/૧/૨૦૨૪ની રાત્રીના આશરે સાડા દસેક વાગ્યે અજાણ્યા ઈસમો ચોરી કરવાના ઈરાદે ગેરકાયદેસર પ્રવેશ કરી, આ જીનમાં સિકયુરીટી તરીકે ફરજ બજાવતા ગોરધનભાઈ જીવરાજભાઈ સાંયકા, ઉ.વ. ૭૫, રહે. ચાવંડ, તા. લાઠી, જિ. અમરેલી વાળાને લાઠી વડે મારમારી, ગંભિર ઈજાઓ કરી, ગાળો આપી,

(અનુસંધાન પાના ૬ ઉપર)

## ટ્રસ્ટની મિલ્કત વિવાદમાં નિરાધાર બનતા

# બાબરાનાં ધરાઈ ગામનાં ૮૪ વર્ષિય વૃદ્ધા નયનાબેન જોષીએ ઈચ્છામૃત્યુની પરવાનગી માંગતાં ખળભળાટ

**છેલ્લા ૬ મહિનાથી ન્યાય માટે ભટકતાં વૃદ્ધાને મદદ કરવા કોઈ આગળ આવતું નથી**



બાબરા, તા.૧૨

બાબરા તાલુકાનાં ધરાઈ ગામે હવેલી આવેલ છે. આ હવેલી આજુબાજુ મુખ્યાજીએ એ સ્વખર્ચે રહેણાંક મકાન બનાવેલ. મદદનીશ ચેરીટી કમિશ્નરના તા.૧/૩/૬૯ ના હુકમથી હવેલી તથા મુખ્યાજીઓના રહેણાંક મકાનો ટ્રસ્ટ મિલ્કત જાહેર થયેલ.

આ મકાનોમાં જે તે મુખ્યાજી પરીવારો રહેતા હતા. વર્ષ ૨૦૨૨ ના મદદનીશ ચેરીટી કમિશ્નરના હુકમથી ૩૫ વ્યકિતઓ ટ્રસ્ટી બનેલ જે સામે જુના ૭ ટ્રસ્ટીઓએ અપીલ કરેલ છે. નવા ટ્રસ્ટીઓ ઉમેરાતા થયેલ બહુમતીનાં કારણે અમુક મુખ્યાજી પરીવારને પરેશાન કરવા આ મકાનો ગેરકાયદે પચાવી પાડયાનાં આક્ષેપ કરી એક ટ્રસ્ટી ૧૯ વ્યકિત સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરિયાદ કરેલ. આ અરજી અન્વયે કોઈ કાર્યવાહી ન કરવા હાઈકોર્ટ, તા.૪/૫/૨૦૨૩ થી મનાઈ હુકમ આપેલ. તા.૪/૭/૨૦૨૩ ના રોજ આ મકાનો માટે અન્ય કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકશે તેવી હાઈકોર્ટ સ્પષ્ટતા કેરલ. તે દુષ્ટ્રીએ પોલીસ રક્ષણ માંગી કોઈ નોટીસ આપ્યા વિના તા.૮/૭/૨૦૨૩ ના રોજ ગેર કાયદેસર રીતે બંધ મકાનોના તાળા તોડાવી. સરસામાન બહાર ફેકાવી ૦૫ મકાનો તોડી પડાવેલ. આ મકાનમાં રહેતા ૮૪ વર્ષનાં વૃધ્ધા નયનાબેન કાંતિલાલ જોશી બનાવના દિવસે જામખંભાળીયા હતા. તેઓ એફ.આઈ.આર. નોંધાવવા ગયેલ પરંતુ ફરીયાદ નોંધાયેલ નહી.

તેણીએ ઓગસ્ટ માસમાં ફરીયાદ નોંધવા આદેશ આપવા હાઈકોર્ટમાં રીટ પીટીશન કરેલ છે. જેનો હજુ નિર્ણય થયેલ નથી. તેણીનો તમામ સરસામાન હજુ ટ્રસ્ટીઓનાં કબજામાં છે. નયનાબેન ઘરવિહોણા અને નિરાધાર હોઈ માનસીક રીતે ભાંગી પડયા છે.

તેણીને ન્યાય ન મળતા હતાશ થઈ તેણીએ મુખ્યમંત્રીને ઈચ્છા મૃત્યુની પરવાનગી આપવા અરજી કરેલ છે.

**બાલમુકુંદ જ્વેલર્સ**
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
55,590/-
અમરેલી.
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

AIMS-એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
**કાર્ડિયાક વિભાગ**
• 24 x 7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• કોમ્પ્યુટેમાઈઝ સ્ટ્રેસ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
**ડૉ. અમિત શર્મા**
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology) Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

AIMS-એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
**જનરલ મેડિસિન વિભાગ**
• ડાયાબિટીસ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
**ડૉ. કેયૂર આર. કોટડીયા**
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

## કુલદીપભાઈ વાળાનાં નામે કોઈ અજાણ્યા ઈસમે કોલ

# અમરેલીનાં ક્રિષ્ના પેટ્રોલપંપનાં સંચાલક પાસેથી પેટ્રોલપંપ ચલાવવા રૂપિયા ૨૦ લાખની ખંડણી માંગી

**સીટી પી.આઈ ડી.કે.વાઘેલાએ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૨

અમરેલીનાં મોટા બસ સ્ટેશન પાછળ, ડી.એલ.બી. સોસાયટીમાં રહેતા અને અમરેલીનાં સ્ટેશન રોડ, ઉપર ક્રિષ્ના પેટ્રોલપંપનાં સંચાલક ૩૬ વર્ષિય વેપારી પોતાની ઓફીસે હાજર હતા. ત્યારે પોતાની કુલદીપભાઈ વાળા તરીકે ઓળખાણ આપનાર કોઈ અજાણ્યા શખ્શે પોતાનાં મો.૯૩૨૭૬૩૩૨૨ પરથી ફોન કરી પેટ્રોલ પંપના સંચાલકને પેટ્રોલપંપ ચલાવવા દેવા સારૂ રૂપિયા વીસ લાખનાં હપ્તા (ખંડણી) પેટે તથા પ્રોડેકશન મની તરીકે માંગણી કરી હતી. અને પેટ્રોલપંપનાં સંચાલક જો હપ્તો (ખંડણી) ન આપે તો પેટ્રોલપંપનાં સંચાલક ઉપર ફાયરીંગ કરી જાનથી મારી નાખવાની તથા તેમના પેટ્રોલપંપ પર ફાયરીંગ કરવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ અમેરલી સીટી પોલીસમાં નોંધાતા પોલીસ ઈન્સ ડી.કે.વાઘેલાએ આરોપીની શોધખોળ આદરી વધુ તપાસ હાથ ધરી છે.

# બગસરામાં વાંઝા જ્ઞાતિ સમાજ દ્વારા ત્રિવિધ સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો






ધો. એલ કે જી થી કોલેજ સુધી ૧૧૧ વિદ્યાર્થીને સન્માનિત કરાયા સમાજના વિશિષ્ટ સ્થિતિ મેળવનારનું સન્માન કરાયું સમાજની જગ્યા નગરપાલિકા પદાધિકારી સન્માન કરાયું. બગસરામાં વાંઝા જ્ઞાતિ સમાજ દ્વારા એલ કે જીથી લઈ કોલેજ તેમજ વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થી અને વિવિધ ક્ષેત્રમાં સમાજનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીને સન્માન સમારોહ તથા નગરપાલિકા દ્વારા વાંઝા જ્ઞાતિ સમાજની જગ્યા નગરપાલિકાના હોદ્દેદારો તથા નગરપાલિકાના સદસ્યનું સન્માન સમારોહ સમાજના પ્રમુખ રશ્મિનભાઈ ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમનું દીપ પ્રાગટય સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ વાંઝા જ્ઞાતિની વાડી બગસરા ખાતે યોજાયેલ હતો. આ તકે સમાજના વિદ્યાર્થી સન્માન સમારોહ વેળ ।એ સમાજની એકતા અને સામાજિક રીતે એક થઈ સંગઠિત બની સમાજ આગળ આવે અને સમગ્ર સમાજ ગૌરવસાળી બને તેમ સમાજના પ્રમુખરસ્મીનભાઈ ડોડીયાએ જણાવેલ તેમજ આતંકી નગરપાલિકાનું નૂતન બિલ્ડિંગ બનતા છેલ્લા ૮૦ વર્ષથી નગર પંચાયતથી લઈ નગરપાલિકાનો વહીવટ જ્ઞાતિ સમાજની જગ્યા ઉપર ચાલતો હતો તે જગ્યા નગરપાલિકાએ પરત સોપતા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને ચીફ ઓફિસર જે. જે. ચૌહાણનું ભવ્ય સન્માન તથા નગરપાલિકાના તમામ સદસ્યોનો આભાર દર્શન યોજાયેલ. આ તકે પ્રમુખ પ્રતિનિધિ એવી રીબડીયાએ સન્માન બદલ આભાર વ્યકત કરેલ અને વિધાવર્ધક વાર્ષિક સહાયતા યોજના તથા ઉચ્ચતર અભ્યાસ ઈનામી યોજના સમાજના ૧૧૧ વિદ્યાર્થીને સ્કૂલ કીટ, મોમેન્ટો અને રોકડ પુરસ્કાર ઈનામ એનાયત સમાજના આગેવાનોના વરદ હસ્તે કરવામાં આવેલ. આ તકે ડો. મધુભાઈ ભરખડા અમરેલી, કલ્પેશભાઈ અમદાવાદ, લલીતભાઈ ચુડાસમા, મનીષભાઈ તથા પિયુષભાઈ ભરખડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ આ તકે પ્રાસંગિક તેમજ સમાજને લગતા વિચારો રજૂ કરેલ. આ તકે સમાજના વિશિષ્ટ સન્માનિત ડો. સંગીન ભુંડિયા ડો. હાર્દિક જાદવ, ડો. ભક્તિ જાદવ, ડો. રવિ જાદવ, ડો. દેવલ જેઠવા, ડો. રાજન જાદવ, નિધિ જાદવ, વિનોદભાઈ જેઠવા, પ્રિન્સિપાલ સંસ્કૃતિ ભુંડિયા, રૂચી ડોડીયા સહિતના લોકોનું વિશિષ્ટ સન્માન કરી સમાજ દ્વારા સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સમાજના ઉપપ્રમુખ વિનુભાઈ ભરખડાએ કરેલ તેમજ સંચાલન નિતેશભાઈ ડોડીયા, વિવેક ગોહેલએ કરેલ. જયારે આભાર વિધિ મંત્રી રમેશભાઈ ગોહેલએ કરેલ. તેમ સમાજના ટ્રસ્ટી પ્રકાશભાઈ ભરખડાની પ્રેસ યાદીમાં જણાવેલ છે.

### કાં તો ઔધોગિક વિકાસ કરો નહી તો સિંહોની સુરક્ષા કરો

# અરેરાટી : સા.કુંડલાનાં અમૃતવેલ નજીક પિપાવાવ-સુરેન્દ્રનગર વચ્ચે દોડતી માલગાડી હડફેટે આવી જવાથી સિંહનું મોત

### દેશના ગૌરવસમા સિંહો અવારનવાર ટ્રેન નીચે આવી જવાથી મોતને ભેટી રહ્યાં છે

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં આવેલ રેલ્વે ટ્રેક સિંહો માટે ઘાતક સાબિત થતા હોય તેમ આજે વહેલી સવારે સાવરકુંડલાના અમૃતવેલ નજીક માલગાડી હડફેટે આવી જતાં ડાલામથ્થો સિંહનું મોત નિપજયાનું જાણવા મળેલ છે.આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ આજે વહેલી સવારે ફરી સાવરકુંડલાના અમૃતવેલ નજીક રેલ્વે પોલ ૫૦ પાસેથી પીપાવાવ સુરેન્દ્રનગર માલગાડી ટ્રેઈન નંબર ૩૮૧૫૧ રાત્રીના દોઢેક વાગ્યે પસાર થતી હતી ત્યારે રેલ્વે ટ્રેક ઉપરથી પસાર થતો સિંહ ટ્રેન હડફેટે આવી જતાં આ સિંહને ગંભીર ઈજા થતાં તે સિંહ મોતને ભેટ્યો હતો. માલગાડી હડફેટે આવી જતાં ડાલામથ્થો સિંહ



અથડાતાં સિંહનું મોત નિપજયાનું જાણવા મળેલ છે. આ ૩ થી ૪ વર્ષનો સિંહ મોતને ભેટતા સિંહ પ્રેમીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. હજુ તો થોડા દિવસ પહેલાં જ સાવરકુંડલાના ભમ્મર રેવન્યુ વિસ્તારમાં રેલ્વે ટ્રેન હડફેટે આવી ગયેલ સિંહણ ઈજાગ્રસ્ત થવા પામી હતી જેને સારવાર માટે એનિમેલ સેન્ટર ખાતે ખસેડાયાની ઘટના તાજી છે ત્યાં આજે એક અઠવાડિયામાં માલગાડીએ બીજા સિંહનો અકસ્માત સર્જાયો છે. આ બનાવ અંગે વનવિભાગ સાથે વાત થતાં વનવિભાગના અધિકારીઓ દ્વારા સિંહના મોતની પુષ્ટી આપી હતી. ત્યારે હજુ ગઈકાલે રાત્રે એક સિંહણની રોડ અકસ્માતની ઘટના ઘટયા બાદ ગણતરીની કલાકોમાં રેલ્વે ટ્રેક ઉપર એશિયાટીક સિંહ મોતને ભેટતા સિંહ પ્રેમીઓમાં રોષ ભભુકી ઉઠયો છે.

## અમરેલી : ઝાલોરી પીંજારા સમાજનું ગૌરવ

અમરેલી, તા. ૧૨

અમરેલી મુકામે રહેતા અલ્તાફભાઈ સુમરાના પુત્ર આસીફ અલ્તાફભાઈ સુમરા કે જેઓ અમરેલી દિપક હાઈસ્કુલમાં અભ્યાસ કરે છે, તેઓએ દિલ્હી ખાતે યોજાયેલ અન્ડર-૧૯ રાષ્ટ્રીય કુર્શા સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ જીતેલ હતો. આસીફ સુમરાની આ સિધ્ધી બદલ દિપક હાઈસ્કુલ તેમજ ઝાલોરી પીંજારા સમાજ ગૌરવની લાગણી અનુભવે



છે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સકોર્ટમાં કેસ ચાલી જતા

# વડિયાનાં ચકચારી પોકસો કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો

### બચાવપક્ષે ધારાશાસ્ત્રી જે.આર. વાળાની દલીલો સફળ રહી

અમરેલી, તા.૧૨

વડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૭૨૫/૨૦૨૦ ના કામે આરોપીઓ વિશાલ મનસુખભાઈ પરમાર, વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ નાથાભાઈ પરમાર તથા કીમતભાઈ રાણાભાઈ પરમારની કલમ- આઈપીસી-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) ૩૭૬(૩) ૧૧૪ તથા પોસ્કો એકટ-૪,૬,૮,૧૭,૧૮, થી



અટક કરેલ હોય ત્યારબાદ કેસ કોન્ટેસ્ટ હોય જેમાં ફરીયાદી ત્યારબાદ પંચો, સાહેદો, સરકારી સાહેદો, તથા એફએસએલ અધિકારી તથા કેસની તપાસ કરનાર અધિકારીને તપાસતા અંતે નામ.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ જેમાં બચાવ પક્ષ વકીલ જે.આર.વાળાની ધારદાર દલીલો ગ્રાહય રહી.

# ખડસલી ગ્રામ સેવા કેન્દ્ર લોકશાળા ખાતે ૧૪ જાન્યુઆરીએ શાળા વાર્ષિકોત્સવ

સાવરકુંડલા, તા. ૧૨

શ્રી કુંડલા તાલુકા ગ્રામ મંડળ સંચાલિત લોકશાળા ખડસલીમાં ૧૪ જાન્યુઆરીએ શાળા વાર્ષિકોત્સવ તેમજ વાલી સંમેલન યોજાશે.

જેમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના પ્રમુખ હિંમતભાઈ ગોડા સંમારંભના મુખ્ય મહેમાન પદે રહીને સભાને ઉદ્બોધન કરશે તેમજ કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરના કુલપતિ ડોકટર એન. એચ. કેલાવાલા સંમારંભના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થી તેમજ વાલીઓને અને લોકશાળા પરિવારને પ્રેરણા પૂરી પાડશે . આ સમયે પ્રદર્શન તેમજ સંસ્થા દર્શન તેમજ મેદાની કાર્યક્રમ તેમજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે તેમ સંસ્થાના સંચાલક સંજયભાઈ ભાવસાર અખબારી યાદીમાં જણાવેલ છે.



## બે મહિલા સહિત ૩ પરપ્રાંતિય વ્યકિતઓના મૃતદેહ મળતા ચકચાર મચી

# લાલાવદર ગામની વાડીના કુવામાંથી એકીસાથે ૩ મૃતદેહ મળી આવ્યા

**અમરેલીથી ફાયર, પોલીસ ટીમ અને સાંસદ કાછડીયા પણ ઘટના સ્થળે દોડી ગયા**

**રાત્રિના સમયે માથાકુટ થતા અકસ્માતે ત્રણ વ્યકિતઓ કુવામાં પડી ગયાનું અનુમાન**

**સમગ્ર બનાવ અંગે દૂધનું દૂધ ને પાણીનું પાણી કરવા ક્રાઇમ બ્રાન્ચે તપાસ શરૂ કરી**

**ફાયર ફાઇટરની ટીમે ૨ કલાકની ભારે જહેમત ઉઠાવીને મૃતદેહ બહાર કાઢયા**



અમરેલી, તા.૧૩

અમરેલી તાલુકાના લાલાવદર ગામે આવેલ એક વાડી ખાતે કૂવામાંથી બે મહિલા સહિત ૩ પરપ્રાંતિય વ્યકિતની લાશ મળી આવતાં અમરેલી તાલુકા પોલીસ, અમરેલી ફાયર ફાયટરની ટીમ સાથે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા ઘટના સ્થળે દોડી ગયા હતા અને સાંસદ સહિતના લોકો કુવામાંથી મૃતદેહને બહારકાઢવા કામે વળગ્યા હતા. આ બનાવ અંગેની જાણ થતાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે. ત્યારે બનાવ અંગે કેટલીક શંકાસ્પદ બાબતો હોય અમરેલી લોકલ ક્રાઈમ સહિતના સ્ટાફે ઘટના સ્થળે જીણવટ ભરી તપાસ હાથ ધરી છે. જયારે ત્રણેય મ્રુતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવેલ છે મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યેથી જાહેર થશે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના લાલાવદર ગામે આવેલ અલ્પેશભાઇ પાનસુરીયા નામના ખેડૂત આજે સવારે પોતાની વાડીએ આવતાં તેમને આ બનાવ અંગે જાણ થતાં તેઓએ પોલીસને જાણ કરી હતી. જેથી અમરેલી તાલુકા પોલીસ, અમરેલી ફાયર ફાયટરની ટીમ સાથે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા ઘટના સ્થળે દોડી ગયા હતા. અને સાંસદ સહિતના લોકો કુવામાંથી મૃતદેહને બહાર કાઢવા કામે વળગ્યા હતા.

ત્યારે વાડીમાં રહેતા અને મજુરી કામ કરતા મુકેશભાઈ અંતુરભાઈ દેવરખીયા, ભૂરીબેન મુકેશભાઈ દેવરખીયા તથા જાનુબેન અંતુરભાઈ દેવરખીયા નામની બે મહિલા સહિત ૩ પરપ્રાંતિય વ્યકિતની વાડીના કૂવામાંથી લાશ મળી આવી હતી.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળેલ વિગત મુજબ ગત રાત્રે આ પરપ્રાંતિય મજૂરો અંદરો અંદર થયેલા જગડામાં કૂવામાં ખાબકી મોતને ભેટ્યા હોવાની ચર્ચા થઈ રહી છે. ત્યારે બનાવ અંગે કેટલીક શંકાસ્પદ બાબતો હોય અમરેલી લોકલ ક્રાઈમ સહિતના સ્ટાફે ઘટના સ્થળે જીણવટ ભરી તપાસ હાથ ધરી છે. જયારે ત્રણેય મ્રુતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલ હતા ત્યાંથી પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ કરવા માટે ભાવનગર હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરાય છે. મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યેથી જાહેર થશે. આ બનાવ અંગેની જાણ થતાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

આ મૃતદેહોને કુવામાંથી બહાર કાઢવાની કામગીરી કરવામાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર ટીમ તુંરત ઘટના સ્થળપર પહોંચી ૧૫૦ (અંદાજીત) ફુટ કુવામાં અંદર ઉતરી ૨ કલાકની મહેનત બાદ ૩ વ્યકિતની બોડીને રેસ્કયુ કરવામાં ફાયર ટીમના સવજીભાઈ ડાભી, ભગવતસિંહ ગોહિલ, પ્રવીણભાઈ ચૌહાણ, સાગરભાઈ પુરોહિત, જયદિપભાઈ ઈસોટીયા, યોગેશભાઈ કણસાગરા, ઘવલભાઈ ચાવડા જોડાયા હતા.

## ખાંભા પંથકનાં સીમ વિસ્તારમાં જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૧૨, ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી કે.ડી.હડીયાની સુચના અને માર્ગદર્શન નીચે ખાંભા પો.સ્ટે.ના સરાકડીયા દિવાનના ગામે સીમ વિસ્તારમાં હારજીતનો જુગાર રમતા છ ઈસમો (૧) સલીમભાઈ મહમદભાઈ પઠાણ (૨) નુરદીનભાઈ ઈશાકભાઈ સમા (૩) હીતેશભાઈ નથાભાઈ પરમાર રહે. ખાંભા (૪) શબીરભાઈ દિનુભાઈ નાયા રહે.મોટી મેલી (૫) અમીનભાઈ દતુભાઈ નાયા રહે.ટીંબી (૬) વનરાજભાઈ જેતુભાઈ ધાધલ રહે.બગોયાની રોકડા રૂા. ૧૯,૭૬૦/– નો મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવેલ છે.

આ કામગીરી ખાંભા પો.સ્ટે.નાં પો.સબ ઈન્સ.ની સુચના અને માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. આર.એસ.રતન તથા સર્વેલન્સ સ્કોડના હેડ.કોન્સ. ભવદીપભાઈ દેવકુભાઈ વાળા તથા હેડ.કોન્સ. નાગભાઈ નથુભાઈ કીકર તથા પો.કોન્સ.મિતેશભાઈ કનુભાઈ વાળા તથા રાજુભાઈ નાજાભાઈ બોદર તથા ધર્મેશભાઈ સહિતનો સ્ટાફ જોડાયેલો.

## પોલીસ અધિક્ષકની સુચનાથી સ્થાનીક પોલીસનો સપાટો

# રાજુલાનાં હિંડોરણા ગામે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૬૭ બોટલ ઝડપાઈ

**કાર સહિત રૂપિયા ૨ લાખનો મુદ્દામાલ કબ્જે**



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરાએ અમરેલી જીલ્લામાં જુગાર/દારૂની બદી દુર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી, સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ. આઈ.જે.ગીડાની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલનસ સ્કોડ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હીંડોરણા ગામે પુલ પાસેથી ચોકકસ બાતમીનાં આધારે ભારતીય બનાવટનાં પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની કંપની રિંગપેક ૧૮૦ એમએલની બોટલો નંગ–૭૬૭ કિંમત રૂપિયા ૩૪.૫૧૫ તથા એક સીલ્વર કલરની ફોરવ્હિલ કાર નંબર–જીજે–૦૩–સીએ–૭૪૧૭ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૬,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૦૦,૫૧૫નાં મુદામાલ સાથે આરોપી હિતેષભાઈ દુદાભાઈ સાંખટ (રહે.ઉમેજ, તા.ઉના તથા મહેશભાઈ વીરાભાઈ ગોહિલ (રહે. વાવડા, તા.ઉના) નામનાં બે ઈસમોને પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
જાન્યુઆરી ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો
અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
અમરેલી • સુરત • મોરબી
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટઈવેન્ટ
• સંગીતસંધ્યા • રાસગરબા
• કોર્પોરેટઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઇ જોષી
99741 55535

# વાર્તા–વૈભવ


## સ્વદોષદર્શી શંભુભાઇ

– ભાસ્કર મહેતા

(ગયા અંકનું ચાલુ)

એક વખત એવું બન્યું કે ફી લેવાની કાર્યવાહી દરમ્યાન જ આચાર્યે શંભુભાઈને કોઈ તાત્કાલિક અગત્યના કામ માટે બોલાવ્યા. ફી લેવાનો સમય પૂરો થવામાં હજુ સમય બાકી હતો. પરંતુ વિધાર્થીઓ ન હતા એટલે શંભુભાઈ રોકડના ખાનાને લોક કરીને સાહેબ પાસે ગયા.

કાઉન્ટર પર ભૌમિક એકલો હતો, એ વખતે એક વિદ્યાર્થી ફી ભરવા આવ્યો. ભૌમિકે તેને થોડી રાહ જોવાનું કહ્યું, પરંતુ વિદ્યાર્થી થોડે દૂરના ગામથી આવતો હતો અને તેની છેલ્લી બસનો સમય થઈ ગયો હતો તેથી તેણે ભૌમિકને ફી સ્વીકારવા માટે આજીજી કરી. ભૌમિકે તેની પાસેથી પાંચસો રૂપિયાની નોટ લીધી અને વિદ્યાર્થીને રસીદ બનાવી આપી અને રોકડના ખાનાને લોક હતું એટલે પાંચસોની નોટ ખીસામાં મૂકી. સાહેબ પાસેથી શંભુભાઈ આવે એટલે તેમને આપવા માટે. શંભુભાઈને આવતાં થોડી વાર થઈ, તે આવ્યા એટલે તેમને



રોજના નિયમ મુજબ રસીદબુક સોંપીને ભૌમિક પોતાના ટેબલ પર ગયો. શંભુભાઈ ફાટેલી રસીદો અને રોકડની મેળવણી કરવામાં વ્યસ્ત બન્યા.

સાંજે આફિસેથી ઘેર આવ્યા બાદ ભૌમિકને યાદ આવ્યું કે પોતે ખીસામાં મૂકેલી પેલી પાંચસો રૂપિયાની નોટ શંભુભાઈને આપવાનું ભૂલી ગયો હતો.

બિનઅનુભવી પરંતુ સંસ્કારી અને પ્રમાણિક હોવાથી મનમાં ગભરાયો કે શંભુભાઈ જો ફરિયાદ કરશે તો હેડકલાર્ક અને આચાર્ય તેના માટે શું ધારશે ? તેની નિષ્ઠા અને પ્રમાણિકતા માટે શું વિચારશે ? વિસ્મૃતિદોષના કારણે તેણેભૂલ જરૂર કરી હતી પરંતુ ગુનો નો'તો કર્યો, પરંતુ કોણ એ માનશે ? ગુનો ન કર્યો હોવા છતાં લોકો ગુનેગાર માને એ વાતની વેદના કોઈ પણ નિર્દોષ વ્યકિત માટે અસહ્ય હોય છે. આવા વેદનાજન્ય વિવિધ વિચારોના વમળમાં વીંટાએલો ભૌમિક રાત્રિ દરમિયાન ઊંઘી શકયો નહિ.

આવતીકાલે આફિસમાં શંભુભાઈ આવે તે પહેલા જ પહેલા જઈને હેડકલાર્કને આ સમગ્ર હકીકતથી સૌ પ્રથમ વાકેફ કરવા અને ઠપકો પણ સાંભળી લેવો એવો તેણે મનમાં નિશ્વય કર્યો.

બીજે દિવસે નિર્ધાર કર્યા અનુસાર ભૌમિકે હેડકલાર્કને આ ઘટના જણાવી. ઠપકાની પ્રતીક્ષા પણ કરી.જો કે એવું બન્યું નહિ. હેડકલાર્ક પરીખ કાંઈ બોલ્યા નહિ કારણ કે તે તો મનમાં થોડા ખુશ થયા હતા.તેમને તો શંભુભાઈ પર આક્રમણ કરવા માટે એક નવું હથિયાર મળી ગયું હતું.

રાબેતા મુજબ શંભુભાઈ નિયત સમયે આવ્યા અને પોતાના ટેબલ પર ગોઠવાયા. સામાન્ય રીતે કામ હોય ત્યારે શંભુભાઈ સહિત તમામ કર્મચારીઓને પોતાના ટેબલ પાસે બોલાવનારા હેડકલાર્ક સૌમ્ય પરંતુ ખંધી મુખમુદ્રા સાથે આજે શંભુભાઈ પાસે ગયા અને તેને દંભી સહાનુભૂતિ સાથે પૂછ્યું, 'શંભુભાઈ, ગઈ કાલની ફીનો રસીદ સાથેનો રોકડ વ્યવહાર ચકાસી લીધો ? .. હિસાબ બરાબર મળી ગયો? ''હા જી'' શંભુભાઈએ શાલીન સ્વસ્થતા સાથે જવાબ આપ્યો.

બરાબર ચકાસણી કરી છે ? રસીદોની રકમ અને રોકડ વચ્ચે કોઈ તફાવત નથી દેખાયોને ? 'કેસ તૈયાર કરતા વકીલની માફક હેડકલાર્કે પૂછ્યું. 'ના જી, કોઈ તફાવત કે વધઘટ નથી દેખાયાં. શંભુભાઈએ પોતાની લાક્ષણિક શાંતિ સાથે સ્વાભાવિક શૈલીમાં કહ્યું. પ્રહાર કરવા માટે હવે યોગ્ય પળ લાગી હોવાથી કૃત્રિમ વિવેક છોડીને હેડકલાર્ક થોડી કરડાકીથી બોલ્યા; બાજુની ચેમ્બરમાં આચાર્યને સંભળાય એ રીતે, 'શંભુભાઈ, જુઠું શા માટે બોલો છો ? રોકડમાં ગઈ કાલે પાંચસો રૂપિયાની ઘટ હતી તે વાત કેમ છુપાવો છો ? ગઈ કાલે ભૂલથી ભૌમિક પાસે પાંચસોની નોટ રહી ગઈ

શંભુભાઈ શાંતિ અને સ્થિતપ્રજ્ઞતા સાથે સાંભળતા રહ્યા. તેમના ચહેરા પરની શાંત રેખા જરા પણ ન બદલાણી.

હેડકલાર્ક બોલી રહ્યા એટલે તેમણે ધીરેથી ટેબલનું ખાનું ખોલ્યું અને ગઈકાલના હિસાબની કાચી નોંધ દેખાડી અને સવિવેક બોલ્યા, પરીખભાઈ, જુઓ મારી આ ગઈકાલના હિસાબનીકાચી નોંધ. તેમાં પાંચસો રૂપિયાની ચોખ્ખી ઘટ દેખાય છે. આ ઘટ માટે મેં મારા પોતાના પાંચસો રૂપિયા ઉમેરીને હિસાબ ફાઈનલ કર્યો છે.

હેડકલાર્ક થોડા છોભીલા પડી ગયા. થોડા ઘવાએલા અવાજમાં તેમણે કહ્યું, પરંતુ તો પછી તમારે આ માટે ભૌમિકને પૂછવું તો જોઈએ ને ? તમે તેને ગઈ કાલે જ એ પૂછયું હોત તો આજે આ પ્રશ્ન ઊભો જ ન થાત.

કેવી રીતે પૂછું? રોકડ રકમ તો હું જ સ્વીકારતો હતો. મારી પોતાની જ ભૂલ થઈ હોય એમ ન બને ? તેમ છતાં માનો કે હું તેને પૂછું અને તેણે રકમ ન લીધી હોય તો તેની લાગણી કેટલી બધી દુખાય ? તેના પર શક કરવા માટે. વળી જો કોઈ સંજોગોમાં રૂપિયા તેની પાસે ભૂલથી રહી ગયા હોય તો તે એ રૂપિયા આપવાનો જ હતો. અત્યારે આપ્યા તેમ. કોઈની પણ પ્રમાણિકતા પર શક કરતાં પહેલાં સો વખત વિચાર કરવો જોઈએ. સો પ્રથમ તો આપણો પોતાનો જ કોઈ દોષ છે કે નહીં તે ચીવટથી ચકાસવું જોઈએ.

આટલું કહીને શંભુભાઈ પોતાના કામમાં લાગી ગયા.

હેડ કલાર્ક કાંઈ બોલ્યા નહિ. બોલી શક્યા નહિ કારણકે હવે બોલવા જેવું કાંઈ હતું નહિ.

પોતાની નોકરીના આરંભકાળમાં જ ભૌમિકને એક સારા માણસ પાસેથી એક સારો બોધદાયી પાઠ શીખવા મળ્યો.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

■ ઉખાણા ■ બાળવાર્તા ■ જોડકણા ■ બાલગીત ■ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## શ્રી અરવિંદ કેન્દ્ર – અમરેલી

(સંકલન : સુરેશ જોશી)

(ગયા અંકનું ચાલુ)

દર મહિનાની પહેલી તારીખે સાંજે પ્રોસ્પેરિટી સિદ્ધિમંગલનો કાર્યક્રમ હોય છે. જેમાં ૧૦૦ થી વધુ સભ્યો શ્રી માતાજી પાસેથી પ્રસાદ સ્વરૂપે મળેલી રૂપિયા ૫૦ ની વસ્તુ ગ્રહણ કરે છે.


સુંદરમ્ અને અમરેલી :

ગુજરાતનાં મુર્ધન્ય કવિ અને શ્રી અરવિંદનાં પરમ ઉપાસક શ્રી સુંદરમ્જીને અમરેલી સાથે અનોખો સંબંધ બંધાયો હતો. ઈ.સ. ૧૯૭૦ થી તેઓ અમરેલી શહેરની મુલાકાતે આવતા રહયા હતા. અમરેલી કેન્દ્રના સાધકોનું ઘડતર કરવામાં તેમનું મહત્વનું યોગદાન રહયું છે. ઈ.સ.૧૯૮૫માં તુલસીશ્યામમાં યોજાયેલી સાત દિવસની શિબિર તથા ભાવનગર ખાતે યોજાયેલી પશ્ચિમ વિભાગની ૐ પુરિ શિબિરનું સંચાલન તેમણે અમરેલી કેન્દ્રને સોંપ્યું હતું.


ઈત્તર પ્રવૃતિ :

શ્રી અરવિંદ અને શ્રી માતાજીના વિચારોને અમલમાં લાવવા, દિવ્ય સમાજનાં ઘડતર માટે કેન્દ્ર દ્વારા સમયાંતરે શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને આધ્યાત્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે.છેલ્લા અઢી દાયકા દરમિયાન આવા અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. તે પૈકીનાં કેટલાક મુખ્ય કાર્યક્રમોની આછેરી ઝલક જોઈએ તો : હાઈસ્કુલનાં શિક્ષકો માટે સંસ્કૃત સંભાષણનો ત્રણ દિવસનો શિબિર યોજવામાં આવ્યો હતો.

એકયુપ્રેશર દ્વારા સારવાર તથા તેનું પ્રશિક્ષણ



શ્રી અરવિંદ કેન્દ્ર–અમરેલી



ધ્યાનખંડ

પ્રણામ સ્થળ શ્રી અરવિંદ કેન્દ્ર–અમરેલી

રાખવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાની અનેક શાળાઓમાં શ્રી અરવિંદના વિચારો અને દર્શનને વ્યકત કરતાં પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું છે. વાર્તાલાપો ગોઠવવામાં આવ્યા છે. 'સાવિત્રી' જ્ઞાનસત્રનું અનેક વખત આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રા.ડો.અશ્વિનભાઈ કાપડિયાએ ઉપસ્થિત રહી 'સાવિત્રી'નું જ્ઞાન સરળ વાણીમાં સમજાવ્યું છે.

શ્રી અરવિંદ આશ્રમ – પોડિચેરી દ્વારા યુવાપ્રવૃતિનાં ભાગરૂપે દર વર્ષે નૈનિતાલ ખાતે યોજવામાં આવતા ઈન્ટીગ્રેશન કેમ્પ, યુથ કેમ્પ તથા સ્ટડી કેમ્પમાં સેંકડો અબાલ વૃદ્ધોને અમરેલી કેન્દ્ર દ્વારા મોકલવામાં આવ્યા છે. ગુજરાતનાં વિવિધ પર્યટન સ્થળોએ પ્રવાસ તથા પ્રકૃતિ શિબિરો યોજવામાં આવી છે.સાંસ્કૃતિક પ્રવૃતિના એક ભાગરૂપે ચિત્રકલા તથા સંગીત પ્રશિક્ષણનાં વર્ગો યોજવામાં આવ્યા છે. ધોરણ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ટયુશન કલાસ યોજવામાં આવ્યા છે.

શ્રી અરવિંદ આશ્રમ – પોડિચેરીનાં દર્શન દિવસો તથા અમરેલી કેન્દ્રના સાધકોનાં જન્મ દિવસની ઉજવણી ભાવપુર્ણ રીતે થાય છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીના વિચારો પર આધારિત શાળા શરૂ કરવાની સંસ્થાની ભાવિ યોજના છે.

હાલ આ કેન્દ્રમાં સર્વ શ્રી સુરેશભાઈ જોશી, ડો.વી.એલ. પટેલ, ડો.એસ.એમ.સિદ્ધપરા, ધીરૂભાઈ રાઠોડ, પ્રવિણભાઈ રાવલ, રાજુભાઈ શુકલ, રાકેશભાઈ જોશીપ શૈલેષભાઈ કોટેચા, સ્વાતિબેન જોશી વગેરે સાધકો પોતાનું યોગદાન આપી રહયા છે. **(તસ્વીરો : ધીમંત ખારા)**

## ભાતીગળ સૌરાષ્ટ્ર

## આત્મવિશ્વાસની જીત

નંદનવન નામનું એક સરસ મજાનું જંગલ હતું. એક વખત બપોરનાં સમયે બધાં પ્રાણીઓનાં બચ્ચા રમતાં હતાં. તેઓ રમતમાં મશગૂલ હતાં ત્યાં એક વિચિત્ર પ્રાણી નીકળ્યું. સૌ પ્રથમ તેના પર શિયાળનાં બચ્ચાંનુ ધ્યાન ગયું.

શિયાળનાં બચ્ચાંએ બધાં બચ્ચાંને સંબોધીને કહયું કે, ''જુઓ જુઓ કોઈ નવું પ્રાણી આપણા જંગલમાં આવી ચડયું છે.'' બધાં પ્રાણીઓનું ધ્યાન તે અજાણ્યા બચ્ચા ઉપર મંડાયું.

સિંહનાં બચ્ચાએ કહયું કે, તું કોણ છે ? અને અહીં કેમ આવ્યું છે ?

ઉંટાનાં બચ્ચાએ વિનમ્રતાથી કહયું કે, હું ઉંટનું બચ્ચુ છું.લોકો મને બોતડું કહે છે. હું અને મારાં મમ્મી–પપ્પા રાજસ્થાન જઈએ છીએ. બપોર થતાં વિશ્રામ કરવા અહીં રોકાઈ ગયાં છીએ. મારાં મમ્મી – પપ્પા થોડેક દુર આરામ કરે છે મેં તમને રમતાં જોયા તેથી અહીં આવ્યું છું.

તેણે કહયું, હું તમારી ાસાથે થોડીક વખત રમવા ઈચ્છું છું.પછી હું ચાલ્યું જઈશ.

વાઘનાં બચ્ચાએ કહયું કે, તું અમારી સોથ રમવાને લાયક નથી. તારા તો અઢારેય અંગ વાંકા છે. તારી સાથે કોણ રમે.

ત્યાં તો સિંહનું બચ્ચું બોલ્યું, ''તારી ખૂંધ તો જો, નાનો પર્વત લાગે છે. તારા માથે તે કેવી ખરાબ લાગે છે.

ચિત્તાનું બચ્ચુ પણ કયાં પાછું પડે એમ હતું તે કહે, ''તારી ડોક તો જો ! કેવી લાંબી છે.જાણે આકાશમાં ચડવાની સીડી.''

જંગલની ભેંસનું બચ્ચું પણ સુર પુરાવતાં બોલ્યું, ''તારા પગ તો જો કેટલા લાંબા છે, અને તું તો ડિસકો કરતો ચાલતો હોય તેવું લાગે છે.''

બધાં બોતડાની મજાક કરવા લાગ્યાં અને હા....હા.... હા... એમ કરીને તેની સામે જોઈ બંધા હસવા લાગ્યાં.

પણ, બોતડા પર આ બચ્ચાઓની મજાકની કશી અસર ન થઈ. તે તો આત્મવિશ્વાસથી ભરપુર હતું.

બધાં બચ્ચાઓને સંબોધી તે કહેવા લાગ્યું, 'તમે ભલે મારી મજાક ઉડાવો પણ તમારા બધાં કરતાં હું ચડિયાતું છું, અને એનો મને ગર્વ છે.''

'પણ તું અમારાથી કઈ રીતે ચડિયાતું છે તે તો કહે. તું અમારાથી ચડિયાતું હોય જ ન શકે.''સિંહનું બચ્ચું ગર્વથી બોલ્યું.

''આપણે બે ત્રણ શરત લગાવીએ. જે વધુ શરત જીતે તે ચડિયાતું લેખાશે. જે હારે તેને દસ ઉઠક બેઠક કરવાની, સોરી બોલવાનું... અને કોઈ દિવસ કોઈની મજાક ન કરવાનું વચન આપવાનું.'' બોતડું બોલ્યું.

'વળી શરતમાં હું એક જ ઉતરીશ અને તમારામાંથી પણ વારાફરતી કોઈ એક પ્રાણીને જ ઉતરવાનું જે યોગ્ય લાગે તે એકને એક શરતમાં ઉતારશો તો પણ ચાલશે. બીજી શરતમાં બીજા ઉતરશે તો પણ મને વાંધો નથી.''




નિયમ સમજાવતા બોતડું બોલ્યું.

બધાં બચ્ચાઓએ વિચાર્યુ આ બોતડું આપણી સામે જીતી જ ન શકે. શરત આપણે જ જીતીશું.

ગર્વથી બધાં બચ્ચાએ શરત લગાવવાનું કબૂલ્યું.

બોતડાએ ભરપુર આત્મવિશ્વાસથી પહેલી શરત મુકતાં કહયું કે આ વડ નીચે મારી સાથે કોઈ એકને બેસવાનું છે. હું જયાં સુધી પાણી ન પીઉ ત્યાં સુધી શરતમાં બેસનારે પણ પાણી ન પીવું. આ શરતમાં મારી સાથે કોણ બસશે ? બંધા પ્રાણીઓ વતી વાઘનું બચ્ચું આ શરત માટે તૈયાર થયું. બે દિવસ માંડ તે પાણી વિના ચલાવી શકયું અને પોતાની હાર કબૂલ કરી લીધી.બીજી શરત મૂકતાં બોતડાએ કહયું કે આપણે પાંચ કિમી જંગલની બહાર આવેલા રણપ્રદેશમાં દોડવાનું છે. તમારામાંથી કોણ મારી સાથે આ શરતમાં સામેલ થશે ?

ચિત્તાના બચ્ચાએ કહયું, ''હું તમારી સાથે દોડીશ. મારાથી ઝડપી કોઈ દોડી જ ન શકે. તું પહેલી સરત ભલે જીત્યો પણ આ શરત તો હું જ જીવીશ.''


ચિતાનું બચ્ચુ રણપ્રદેશમાં માંડ એક કિમી દોડયું ત્યાં તો બોતડું પાંચ કિમી દોડી પાછું પણ આવી ગયું.

બંને શરત હારી જતાં પ્રાણીઓનાં બચ્ચાં નિરાશ થઈ ગયાં. બોતડાએ આત્મવિશ્વાસથી કહયું કે, તમારાં બધાં કરતાં હું ચડિયાતું છું.

હું રણપ્રદેશ અને જમીન એમ બંને પર ચાલી શકું છું. ખોરાક પાણી વિના લાંબો સમય ચલાવી શકું છું. તમારા કોઈનામાં છે આવી તાકાત.બંધા બચ્ચાં શરમથી નીચું જોઈ ગયા.

એક સમયે બોતડની હાંસી ઉડાવનાર બધાં બચ્ચાઓ તેના પ્રભાવમાં આવી ગયાં.

બાલમિત્રો,



આપણા સૌનો મનગમતો, માનીતો, આનંદદાયક તહેવાર એટલે મકરસંક્રાંતિ, મકર રાશિ તરફ ગતિ સૂર્ય કરતો થશે એટલે મકરસંક્રાંતિ. આપણા ઋષિઓએ માનવજીવનને હર્યુભર્યુ રાખવા માટે દુઃખમાંથી ઉગરવા માટે મનને પ્રસન્ન રાખવા માટે વિવિધ ઉત્સવોનું આયોજન કરેલ છે. એમાં કેટલાક ધાર્મિક છે તો કેટલાક સામાજિક, એમાં ઉમેરો થયો રાષ્ટ્રીય તહેવારોનો.

મકરસંક્રાંતિનું બીજુ મહત્વ એ છે કે આ દિવસે આપણે સૌ આબાલવૃધ્ધ પતંગની મજા માણીએ છીએ. સૌ મન મુકી વૃધ્ધો પણ બાળકો બની પતંગ ચગાવવાની મજા માણતા હોય છે. સવારથી સાંજ સુધી બધા સૌ ધાબા કે મેદાનમાં હોય છે.

આ દિવસે ખાણીપીણીનું પણ કોઈને યાદ આવતુ નથી. છતાં હાલતા ચાલતા ચીકી, લાડુ, શેરડી, ગાંઠીયા, જલેબી, ફાફડા, ઉંધીયુ ખુબ ખવાય છે. આ દિવસે બહેનો ઘઉ, બાજરીની ઘુઘરી કરી ગાયોને ખવડાવે છે. દાન–પૂણ્ય કરે છે.

બાલમમિત્રો, આ પતંગોત્સવ માત્ર આપણા દેશમાં જ છે એવું નથી... પણ વિદેશીઓ જાતજાતની, ભાતભાતની પતંગો ચગાવી આનંદ લુંટતા હોય છે. આપણા અમદાવાદમાં દર વર્ષે કાંકરીયામાં બહુ મોટા પાયા પર પતંગોત્સવ યોજાય છે.જોવા જેવો હોય છે. દેશ–વિદેશના પતંગરસિયાઓ આવેલ હોય છે.

તમને જાણીને આનંદ થશે કે ગયા શનિવારે તા. ૬/૧/૨૦૨૪ ના રોજ આપણી અમરેલીની રૂપાયતન સંસ્થાના ચારેય વિભાગો પીએન વોરા વિદ્યાનિકેતન, એન.ડી. સંઘવી પ્રા.શાળા, ડી.કે. કામદાર પ્રા.શાળા તથા દીપક હાઈસ્કૂલના બાળમંદિર થી લઈ ધો. ૧ થી ૧૨ ના બાળકોએ પતંગોત્સવ ઉજવેલ. તેમને નાસ્તમાં દાતા તરફથી ચીકી, મમરાના લાડુ, શેરડી ભરપેટ આપવામાં આવેલ. એમાં દરેક વિદ્યાર્થીના આચાર્યશ્રીઓ, શિક્ષકો, ટ્રસ્ટીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ પ્રસંગે રામકુંવરબા જીમખાનાના પ્રમુખશ્રી હીતેશભાઈ માંજરિયા ખાસ ઉપસ્થિત રહયા હતા. એના ફોટોગ્રાફસ આગળ મુકેલા છે. જેની મજા માણશો.

## ભારતના અણુશોધ અને રાષ્ટ્રને અણુયુગ તરફ દોરી જનારા અણુસંશોધનના પિતામહ હોમી ભાભા

(ગયા અંકનું ચાલુ)

જયારે પહેલી પરમાણુ ભટ્ટી બનાવવામાં આવી ત્યારે વૈજ્ઞાનિકોના આનંદનો પારના રહ્યો. ભારત અણુભટ્ટી બનાવીને સાચા અર્થમાં અણુયુગમાં પ્રવેશ્યું હતું.

ટ્રોમ્બેમાં બીજું અણુ રિએકટર (CIR) સાયરસ સંયુકત રિએકટર ઊભું કરવામાં આવ્યું. જયારે ત્રીજી ભટ્ટી ઝરલીના ઊભી કરવાનું પણ વિચારણા હેઠળ હતું. ૧૯૭૧માં ઝરલીના કાર્યરત થતા ભાભા ખૂબ જ ખુશ થયા હતા.

૧૯૫૫માં વિશ્વનો સૌથી મોટો થોરિયમ પ્લાન્ટ ઊભો થયો. થોરિયમ ભારતમાં સહેલાઈથી મળી આવે છે. આ શરૂ કરવાનો

હેતુ પરદેશમાં જતું હુંડિયામણ અટકાવવાનો હતો. ૧૯૫૯માં ન્યુકિલયર મેટલ પ્લાન્ટ શરૂ થયો.

**આંતરરાષ્ટ્રીય પરિષદના પ્રમુખપદે**

'અણુનો શાંતિમય ઉપયોગ' આ વિષય ઉપર રાષ્ટ્રસંઘે આંતરરાષ્ટ્રીય પરિષદ ૧૯૫૫માં બોલાવી હતી. ભાભા આ પરિષદના પ્રમુખપદે હતા એ દેશ માટે ગૌરવ સમાન હતું. તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ શાંતિના ચાહક હતા એવા જ આપણા અણુવૈજ્ઞાનિક હોમી ભાભા પણ અણુના શાંતિમય ઉપયોગના હિમાયતી હતા.

અણુશકિતના ભયસ્થાનો ખૂબ જ છે તેમ છતાં આ શકિતના સારા ઉપયોગો પણ અનેક ગણા છે. આથી તેના વિકાસને અટકાવાય નહીં એમ ભારપૂર્વક જણાવ્યું.

આ ઉપરાંત હોમી ભાભાએ અનેક ઉદાહરણો રજૂ કરીને સમજાવ્યું કે અણુઊર્જા વીજળી, પાણી અને કોલસાથી પેદા થતી વીજળી કરતા ઘણી સસ્તી પડે




છે. હોમી ભાભા એવું માનતા હતા કે ભારતમાં જે વસતીવધારો થઈ રહયો છે તે જોતા ઉર્જા માટેના પરંપરાગત સ્ત્રોત એક સમયે ખુટી જવાના છે. ખનિજ, જળવિદ્યુત, ખનિજતેલ ઉર્જા માટેનાં ખુબ જ સક્ષમ અને કાયમી સ્ત્રોત નથી. આથી અણુશકિત ઉભી કરવા પર વધુ ને વધુ ભાર મુકવો જોઈએ.

વીજશકિતની માંગને પહોંચી વળવા માટે ભારતમાં વધુને વધુ અણુવીજમથક હોય તેને જરૂરી સમજતા હતા પરંતુ કમનસીબે આપણે ત્યાં આજે પણ અણુશકિતનો ભાભાની કલ્પનાં મુજબનો સમુચિત ઉપયોગ કરી શકાયો નથી. કોલસો આજે પણ વીજળી ઉત્પાદનનો મુખ્ય સ્ત્રોત રહયો છે. કોલસાની ખાણો ખતમ થવાનાં આરે છે. દેશની રાષ્ટ્રીય આવકનો ખુબ મોટો હિસ્સો પરદેશથી ક્રુડઓઈલ ખરીદવામાં વપરાય છે.

ભાભા ભારતની અણુશકિતનાં પિતા હોવા છતાં તેમણે પોતે કદી પણ એમની વાણીમાં આનો અણસાર આવવા દીધો નથી. ભાભા હંમેશા પડદા પાછળ રહેવામાં જ માનતા હતા. તેમને વૃક્ષો ખુબ જ ગમે પરંતુ કોઈ માણસ વૃક્ષારોપણનું નાટક કરીને તસ્વીરો પડાવે તે ગમતું નહી. પંડિત જવાહરલાલ નેહરૂ, લાલબહાદુર શાસ્ત્રી કે અન્ય મહાનુભાવો ટ્રોમ્બે સંશોધન કેન્દ્રની મુલાકાત લે ત્યારે ભાભા વૃક્ષ રોપાવવાનું ચુકતા નહીં.

ભાભાને ૫૦ વર્ષ પુરા થતા હતા. આ પ્રસંગે બધાને લાગ્યું કે ભાભાને વૃક્ષો ખુબ જ ગમે છે આથી વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખીએ. ભાભાએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં એક પણ ફોટા નહીં પડાવવાની શરત સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવાની શરત મુકી ને શરત મુજબ જ કાર્યક્રમ સમ્પન્ન થયો.

**આજીવન અપરિણીત :**

હોમી ભાભા પારસી ધર્મનાં હતા. પારસીઓમાં નહીં પરણવાનાં તથા ખુબ જ મોટી ઉંમરે પરણવાનાં કિસ્સાઓ ખુબ જ જોવા મળે છે. પારસીઓમાં આવું શા માટે જોવા મળે છ એ સંશોધનનો વિષય છે. હોમી ભાભા તો અણુવિજ્ઞાનમાં એવા રચ્ચાપચ્યા રહયા કે પરણવાનું જ યાદ રહયું નહી. બીજા શબ્દોમાં કહીએ તો અણુવિજ્ઞાનને સમર્પિત જીવન જીવ્યા.

તેઓ જયારે પણ કોઈ ગંભીર શોધકાર્ય પર આવે એ પહેલા મુડને હળવો કરવા માટે સંગીત સાંભળવાનું ચુકતા નહીં.

**ઈનામો, પદવીઓની હારમાળા :**

ડો.હોમી ભાભા જેવા શ્રેષ્ઠ વૈજ્ઞાનિક કાર્ય કરતો હોય એટલે ઈનામો, પદવીઓથી પોંખવામાં આવે એ સહજક્રમ છે. ઘણી વાર પ્રતિભાઓ પાસે પહોંચીને પદવીઓ ધન્ય થઈ જતી હોય છે. ૧૯૪૪માં પટણા યુનિવર્સિટીએ ડોકટર ઓફ સાયન્સ ની પદવી આપીને સન્માનિત કર્યા હતા. **(ક્રમશઃ)**

## ટેલિવિઝન ઘેલા માતા–પિતાઓ

### શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

આખુ જગત જયાં જુઓ ત્યાં બાળ કોને ટી.વી.
ન જોવાની સલાહ આપે છો. શિક્ષણવિદો તો
ટેલિવિઝન બાળકોનું કટ્ટર શત્રુ હોય એવી કડક
સૂચનાઓ આપે છે. હકીકતમાં આ બધા જ
ભાષણો અને સંભાષણો વાલીઓ સાથે કરવા
જેવા છે. કારણ કે દંપતીઓનો બહુ જ મોટો
વાર્ગ ટી.વી.ને વળગી બેઠો છે. ક્રિકેટ રસિક
પિતા અને પારિવારિક સિરિયલોની ઘેલછાવાળો
માતા આ બે જયા એક જ ઘરમાં વસતા હોય
ત્યા બાળકનાં દફતરની હાલત સૌથી ખરાબ
હોય છે અને એના મનની હાલત એનાથી
પણ ખરાબ હોય છે. માતા અને પિતામાં
મનોરંજન તરફનાં વિવિધ આકર્ષણો
પ્રત્યે જો સંયમ દાખવવાની કુશળતા
ન હોય તો એ
સલાહ બાળકો થોડા આપવાનાં છે ?
અનિચ્છાએ પણ બાળકોએ ટી.વી.ના ઘોંઘાટમાં
તણાવું પડે છે. જયાં ાબન્ને નોકરી કરતા હોય
તેવા કુંટુબંમાં તો ટેલિવિઝન સુર્યાસ્તથી ચાલુ
થાય છે તો મધ્યરાત્રિ સુધી એનો ગુંજાવર
ચાલુ જ રહે છો. ઘરમાં બાળકોને મળ વું જોઈતું
શૈક્ષણિક કે જીવનલક્ષી પ્રશાંત વાતાવરણ
ડહોળવાની આ પ્રવૃતિમાંથી નવા જમાનાના
વાલીઓને બચાવી લેવાની જરૂર છે.

## ઝળહળ ઝાકળ – અંતરનો ઓરડો

લેખક : પ્રો. ડૉ. મહેન્દ્ર છત્રારા

અંતરના ઓરડામાં સારી–માઠી, જરૂરી બીનજરૂરી અનેક પ્રકારની માહિતી, ઉત્તમ–ખરાબ વિચારો, અગણિત પુર્વગ્રહો ભેગા કરનાર વ્યકિત સદા ધૂંધળા વાતાવરણમાં જીવ્યા કરે છે. વિવેકબુદ્ધિની સાવરણીથી આ અંતર ઓરડો સદા સ્વચ્છ થવો જ જોઈએ. જીવન–એદી માણસનો હૃદયખંડ કાયમ ગંધારો હોય છે. જેનાં અંતર – ઓરડામાં બધું ગંધારૂ, ત્યાં કાયમ અંધારૂ ! જેનો અંતર – ઓરડો સ્વચ્છ, ત્યાં વ્યકિતત્વનો ઝળહળાટ !

# રૂપાયતન સંસ્થાએ ઉજવેલ પતંગોત્સવમાં તમે કયાં છો...?




## સંકલ્પશકિત અને ઈશ્વર સાક્ષાત્કાર

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

### ૧. જીવન એટલે વિચારોનો આંતરખેલ

જે સંકલ્પને તમે મનમાં વળગી રહો છો તે સંકલ્પ તમારા જીવનમાં દ્રષ્ટિગોચર થશે. જો તમે હિંમતબાજ, આનંદી, દયાળુ, ઉદાર અને કરૂણાવાળા હશો તો આ ગુણો તમારા સાંસારિક જીવનમાં દેખાશે. હલકા વિચાર અને વાસના એ જ મનની અશુદ્ધિ છે.

જે રીતે સાવધાન સંત્રી ખજાનાની રક્ષા કરે છે તેવી જ રીતે તમામ શુભ સંકલ્પોને જાળવી રાખો. જયારે ''અહં'' સંબંધી બધા સંકલ્પો લય થશે ત્યારે બીજો કોઈ સંકલ્પ મનમાં રહેશે નહિ. જીવન એ સંકલ્પોનો જ આંતર ખેલ છે. જયારે મન પોતાનું કાર્ય કરતું અટકી જાય છે, ત્યારે દ્રૈતભાવ નાશ પામે છે. વિચાર કાળતત્વ દ્વારા નિયંત્રિત છે. આ સંકલ્પો અટકાવવા જ જોઈએ. ત્યારે જ તમે કાળની પેલી પાર થઈ શકશો. માટે શાંત બનો.

સંકલ્પનાં બધાં મોજાંને શાંત થવા દો. તે શાંતિમાં જયારે મન ગળી જાય ત્યારે સ્વયંપ્રકાશી શુદ્ધ ચિન્મય આત્મા પ્રકાશે છે. મનનું નિરીક્ષણ કરો. તમારા હૃદયને ઈશ્વરને રહેવા યોગ્ય ધામ બનાવો.

### ૨. વિચારો દ્વારા થતો આધ્યાત્મિક અનુભવ

પિગાળેલું સોનું જે કુલડીમાં નાખવામાં આવે તે કુલડીનું સ્વરૂપ ધારણ કરે છે. તેવી જ રીતે, મન જે વસ્તુનું ચિંતન કરે છે તે વસ્તુરૂપ બને છે.જો તે ભગવાન કૃષ્ણનું ધ્યાન ધરે તો તે શ્રીકૃષ્ણરૂપ બની જાય છે. તમારે તમારા મનને યોગ્ય કવાયત આપવી જોઈએ અને તેને પચાવવા માટે સાત્વિક આહાર આપવો જોઈએ. માટે હંમેશા સાત્વિક વિચાર કે કલ્પનારૂપી પ્રશ્ચાદભૂમિકા ઉભી કરો.

જે વિચારોને મનુષ્ય પોતાનાં મનમાં દિવસે પ્રધાનપદ આપે છે તે જ વિચારો સ્વપ્ન દરમ્યાન પણ રાત્રે આવવાના. જો તમારામાં આત્મશુદ્ધિ અને એકાગ્રતા હોય, તો તમારું મન ગમે તે ભાવસ્વરૂપી બની શકે. જો તમે દયાનું જ ચિંતન કરો તો તમારું આખું શરીર દયાથી તરબોળ બનશે, જો તમે શાંતિનો વિચાર કરશો તો તમારા આખા અંતરમાં શાંતિ ઉભરાશે. મનનો આંતરિક ભાવ કે વલણ જ કર્મનો પ્રકાર નક્કી કરે છે અને તેનું ફળ આપે છે. તમે તમારી માતા, બહેન કે તમારી પત્નિને ભેટો ત્યારે કર્મ તો એક જ પ્રકારનું હોવા છતાં મનનાં ભાવ ભિન્ન ભિન્ન હોય છે.

માટે તમારા મનની ભાવના, વિચાર અને લાગણીઓનું સદા બારીકીથી નિરિક્ષણ કરો. તમારી ભાવના હંમેશા સાત્વિક હોવી જોઈએ. તમારે હંમેશા બ્રહ્મભાવના જ સેવવી જોઈએ. ધ્યાન સમયે પણ આ ભાવનાને જાળવી રાખો. તમારે શ્વાસ પ્રત્યે ધ્યાન આપવાની જરૂર નથી.જે વિચારો તમે તમારા મનમાં ઉત્પન્ન કરો છો અને તમારા દૈનિક જીવનમાં જે મનોમૂર્તિઓ ઘડો છો તે તમારું જીવન ઘડવામાં તમને ખૂબ જ મદદગાર થશે. તો તમે સતત ભગાવાન કૃષ્ણનું ચિંતન કરશો તો તમે શ્રી કૃષ્ણ સાથે એકરૂપ થશો, અને તમે તેમાં કાયમને માટે નિવાસ કરશો.

### ૩. ઈશ્વર સંબંધી વિચારો

તમારું મન પ્રથમ તો બધા દુનિયાદારી વિચારોથી ખાલી હોવું જોઈએ. તે ફકત ઈશ્વરનાં જ વિચારોથી ભરપૂર હોવું જોઈએ અને તે સિવાયનાં બીજા કોઈ વિચારને તેમાં સ્થાન મળવું જોઈએ નહિ.


તમારા મનને હંમેશા શુભ, દિવ્ય, ઉન્નતને ભવ્ય વિચારોથી ભરપૂર રાખો. જેથી કરીને પાપી વિચારોને તેમાં સ્થાન મળી શકે નહિ. કોઈપણ બિનજરૂરી શબ્દ બોલો નહિ. કોઈપણ નકામો સંકલ્પ તમારા મનમાં પ્રવેશવા પામવો જોઈએ નહિ.

### ૪. રોગ મુકત થવા માટે દિવ્ય વિચારો

સર્વ રોગોમાંથી મુકત થવા અને તંદુરસ્ત જીવન જીવવા માટેની શ્રેષ્ઠ દવા દિવ્ય વિચારો છે. દિવ્ય વિચારો, કીર્તન, જપ અને નિયમિત ધ્યાનથી ઉત્પન્ન થયેલાં આંદોલનો શરીરનાં કોષો, જ્ઞાનતંતુઓ અને અણુઓને નવી વિદ્યુતશકિત, પ્રેરણા અને ચેતનથી ભરપૂર બનાવશે.

પોતાની જાતને હંમેશા આનંદી અને ચિન્તામુકત રાખવી એ બીજી સસ્તી અને શકિતશાળી દવા છે. હંમેશા ગીતાનાં એક બે અધ્યાયનો અર્થ સમજીને તેનું મનન કરો. તમે હંમેશા કંઈ ને કંઈ કાર્યમાં નિમગ્ન રહો, એ જ દુનિયાદારીનાં વિચારો હાંકી કાઢવા માટે શ્રેષ્ઠ ઉપાય છે.મનને સત્વથી ભરપૂર બનાવો અને અદ્‌ભૂત તંદુરસ્તી અને શાંતિ અનુભવો. હંમેશા જ્ઞાની પુરૂષોનો સંગ સાધો, શ્રદ્ધા કેળવો શાંતિ, સત્ય, હિંમત, દયા, ભકિત, પ્રેમ, આનંદી સ્વભાવ, વિશ્વાસ, દિવ્ય સદ્‌ગુણો પ્રાપ્ત કરો. મનને હંમેશા દિવ્યમાર્ગનાં આધ્યાત્મિક ચીલે દોડવા દો. આથી તમારું મન શાંત થશે અને સંવાદી આંદોલનો ઉત્પન્ન કરશે. સાથે સાથે તમે સર્વોત્તમ માનસિક સ્વાસ્થ્ય અનુભવશો અને બધા પ્રકારનાં શારીરિક રોગોથી મુકત થશો.

## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૩૧૪– જ્ઞાન માર્ગમાં વિઘ્ન કરનાર ક્રોધ છે. ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે.
૩૧૫– વિવેકથી કામનો નાશ થાય છે. પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.
૩૧૬– મન, બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખશો નહી વારંવાર તે દગો આપે છે. પોતાને નિર્દોષ માનવો એનો જેવો કોઈ દોષ નથી.
૩૧૭– મંદિરમાં થોડું પાપ કરે એ મહાપાપ છે.
૩૧૮– કરેલા પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠોકોરજી દર્શન આપતા નથી.
૩૧૯– સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે.
૩૨૦– લોભ રોજને રોજ વધતો જ જાય છે.
૩૨૧– લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે.
૩૨૨– લોભને સંતોષથી મારજો. સંતોષ રાખવો.
૩૨૩– સત્કર્મને યજ્ઞ કહે છે. યાજ્ઞા કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે.
૩૨૪– સત્ય બોલવું એ પણ યજ્ઞ છે.

## જ્ઞાનમંજરી

(૮૮) મહાકવિ કાલીદાસની જન્મભૂમિ કઈ છે ? – ઉજજૈન (મધ્યપ્રદેશ)

(૮૯) પ્રસિધ્ધ સુર્યમંદિર તરીકે જાણીતું કોણાર્ક કયા રાજયમાં આવેલું છે. – ઔરિસ્સા

(૯૦) સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિર ગુજરાતનાં કયા શહેરમાં આવેલ છે. ? – ગાંધીનગર

(૯૧) ખાસી – જૈતિયાની પ્રખ્યાત ટેકરીઓ કયાં શહેરમાં આવેલી છે ? – ચેરાપુંજી (મેઘાલય)

(૯૨) પિન્ટ સિટી તરીકે કયું શહેર જાણીતું છે ? – જયપુર ( રાજસ્થાન)

(૯૩) 'સોનેરી નગરી' તરીકે કયું શહેર પ્રસિધ્ધ છે ?– જેસલમેર

(૯૪) 'ઈશ્વરનું પ્રવેશ દ્વાર' તરીકે કયું શહેર જાણીતું છે ?– હરદ્વાર (ઉતરાખંડ)


(૯૫) પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ કયાં રાજયમાં આવેલી છે?– બિહાર

(૯૬) 'પટોળા' માટે ગુજરાતનું કયું શહેર પ્રસિધ્ધ છે ?– પાટણ

(૯૭) કુતુબમિનાર કયાં આવેલો છે ? – દિલ્લી

## મહાન વૈજ્ઞાનિક

### આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ



# લીલીયા મોટા ખાતે દિલીપ સંઘાણીના ૭૦માં વર્ષની ઉજવણીના ભાગરૂપે પ્રગતિ ક્રેડીટ સોસાયટી દ્વારા ખેલ મહોત્સવ યોજાયો





લીલીયા મોટા ખાતે સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં વર્ષની ઉજવણીનું નવમું પર્વ અને સ્વામિવિવેકાનંદ જયંતિનો સંયોગ એટલે આજની તા.૧૨/૦૧/૨૦૨૪ ને શુક્રવારનાં રોજ શ્રી પ્રગતિ સેંવીગ્ઝિ એન્ટ ક્રેડીટ કો.ઓ.સો.લી. દ્વારા અમૃત બા હાઈસ્કુલનાં પટાંગણમાં ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. આ ખેલમહોત્સવમાં કોથળા દોડ, નારગોલ, ખો–ખો, લીંબુચમચી, કબડ્ડી, મટકાફોડ ત્રિપગી દોડ, રસા, ગીલી ડંડો જેવી પરંપરાગત ગામઠી રમતોનું આયોજન કરવામાં આવેલ સાથે વિધાર્થીઓ માટે આંબલી, બોર, મમરાનાં લાડુ, કરમખ, શેરડી, બટેટા પૌવા, તેમજ બટેટાભુંગળ ાનો બાળકોને પ્રિય એવા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ૨૫૦ જેટલા સ્પર્ધકોએ તથા ૮૦૦ જેટલા વિધાર્થીઓ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ડૉ. ભરતભાઈ કાનાબાર, પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખ હિરેનભાઈ હિરપરા, પુર્વ મંત્રી બાવકુભાઈ ઉધાડ, અમરેલી નાગરીક સહકારી બેંકના પુર્વ ચેરમેન પી.પી.સોજીત્રા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ. ગામઠી રમતો નિહાળવા દિલીપભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહેલ. આ તકે રાજકીય, સામાજીક અગ્રણીઓ તેમજ સહકારી મંડળીઓના પ્રમુખો, તાલુકાનાં સરપંચો તથા જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતનાં ચુંટાયેલા પ્રતિનિધીઓ તેમજ પ્રગતિ ક્રેડીટ સોસાયટીનાં ડિરેકટરો હાજર રહેલ કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ કાનપરીયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમન સફળ બનાવવા અમૃત બા હાઈસ્કુલ તથા શાંતા બા કન્યા વિધાલય તથા પ્રગતિ સોસાયટીનાં સ્ટાફગણે જહેમત ઉઠાવેલ. આ તકે કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરનાર તથા ઉપસ્થિત રહેનાર તમામ લોકોનું સંસ્થાનાં ચેરમેન ભાવેશભાઈ રાદડીયા તથા બોર્ડ ઓફ ડિરેકટરોએ આભાર વ્યકત કરેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં મહિલા પોલીસ સ્ટેશનનાં

ફરજ બજાવતા એન.એસ.સવનિયાએ એક કેસમાં આરોપીને જમીન ઉપર છોડવા માટે થઈ રૂપિયા ૨૦ હજારની લાંચની માંગણી કરેલ હતી.

અંતે રૂપિયા ૧૫ હજારમાં નકકી થયા બાદ ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ના હોય જેથી ફરિયાદીએ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો કચેરીઓ સંપર્ક કરી ફરિયાદ આપતા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ છટકું ગોઠવી આ મહિલા પી.એસ.આઈ. એન.એસ. સવનિયાને રૂપિયા ૧૫ હજારની લાંચ લેતા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ ઝડપી લીધા હતા.

આ અંગેનો કેસ અત્રેની સ્પે. એસી.બી.કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલોને કોર્ટ માન્ય રાખી સ્પે.કોર્ટનાં જજ એમ.જે.પરાશરે મહિલા આરોપી એન.એસ.સવનિયાને રૂપિયા ૫૦ હજારનો દંડ અને ચાર વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં ગળકોટડી નજીક જીનીંગમીલમાં

જાનથી મારી નાખવાની ધમકી આપી, ગોરધનભાઈનો મોબાઈલ ફોન કિ.રૂા. ૫૦૦/– તથા હાથબત્તી કિ.રૂા. ૧૦૦ મળી કુલ કિં.રૂા. ૬૦૦/–ની લુંટ કરી નાસી ગયેલ હોય, જે અંગે ગોરધનભાઈએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ જાહેર કરતા બાબરા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર. નં.૧૧૧૯૩૦૦/૨૦૨૩, ઈ.પી.કો. કલમ ૩૯૪, ૪૫૭, ૪૫૨, એક રીક્ષા રજી. નં. જીજે ૦૩ બી.એકસ. ૮૩૮૪ કિં.રૂા. ૫૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા. ૫૫,૫૦૦/–નો મુદ્દામાલ.

પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકત : ગઈ તા. ૦૪/૧/૨૦૨૩નાં રોજ રાત્રીનાં પાંચેય ઈસમો રીક્ષા લઈ ભાવનગર રોડ ઉપર આવેલ જીનીંગ મીલમાં પાસે આવેલ. આ જીનીંગ મીલની દિવાલ કુદીને અંદર ગયેલ અને જીનીંગ મીલમાં ઈલેકટ્રીક મોટરોની ચોરી કરવા ઈલેકટ્રીક મોટર ખોલી નાખેલ અને તે વખતે ત્યાનાં સિકયુરીટી ગાર્ડવાળા ભાઈ જાગી જતાં તેને માર મારી, ઈજાઓ કરી, તેની પાસેથી મોબાઈલ ફોન તથા એક હાથબત્તીની લુંટ કરી, રીક્ષા લઈ જતા રહેલ હોવાની હકિકત જણાવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા પો.સ.ઈ. એમ.બી. ગોહિલ તથા એ.એસ.આઈ. જાવેદભાઈ ચૌહાણ તથા હેડ કોન્સ. મનિષભાઈ જાની, નિકુલસિંહ રાઠોડ, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. રાહુલભાઈ ઢ ાપા દ્વારા કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાના મોટા બારમણ ગામે

સરકારની પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ યોજના હેઠળ સ્કોલરશીપનો લાભ મેળ વવા કરેલ અરજી ફોર્મમાં એકરારનામુ તથા પ્રમાણપત્રમાં મોટા બારમણ ગ્રામ પંચાયતનાં સરપંચ તરીકેની ખોટી સહિ/સિક્કાઓ કરી ખોટું રેકર્ડ તૈયાર કરી પ્રાથમિક શાળા, મોટા બારમણ ખાતે તેને ખરા તરીકે રજુ કરી રૂા.૩૬,૦૦ની સ્કોલરશીપ મેળવી ગુન્હો કર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાતા પોલીસ સબ ઈન્સ. આર.એચ.રતન દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું સા.કુંડલા ખાતે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન

આરોગ્ય મંદિરમાં નવા વિભાગોનું મંગલ પ્રારંભ પર્વ ઉજવાયું. આ અંતર્ગત 'ઘૂંટણ અને થાપાના સાંધા બદલવાના ઓપરેશન (ની અને હીપ રીપ્લેસમેન્ટ) તથા મણકાના ઓપરેશનના વિભાગનું લોકાર્પણ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે પૂજય મોરારીબાપુના વરદ હસ્તે સંપન્ન થયું.

સાહિત્ય અને શિક્ષણ સન્માન પર્વ અંતર્ગત વર્ષ ૨૦૨૪ માટેના વિવિધ સન્માન એનાયત કરાશે. નિરંજન રાજયગુરૂ ને ' મનુભાઈ પંચોલી – દર્શક સાહિત્ય સન્માન, નીલેશ રાણાને ' ઉમાશંકર જોશી વિશ્વ ગુર્જરીસન્માન, પરી બલદેવપરી જવેરપરીને 'લલ્લુભાઈ શેઠ શિક્ષણ સન્માન, ઉર્વીશ વસાવડાને 'નાનાભાઈ હ જેબલિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર, પૂજા દવેને રાવજી પટેલ યુવા સંગીત પ્રતિભા અને જુગલ દરજીને રાવજી પટેલ યુવા કવિ પ્રતિભા સન્માન પૂજય મોરારીબાપુના હસ્તે એનાયત થયા.

આ પ્રસંગે સુખ્યાત સાહિત્યકાર રતિલાલ બોરીસાગર અને અમેરિકા સ્થિત જાણીતા લેખક નટવર ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. પૂજય મોરારીબાપુ આ પ્રસંગે મંગલ ઉદબોધન કર્યુ.

કાર્યક્રમનું સંકલન પ્રણવ પંડયાએ કર્યુ હતું. અ ા કાર્યક્રમમાં રતિલાલ બોરીસાગર, ધારાસભ્ય મહેશ કસવાલા, સવજીભાઈ ધોળકિયા, નટવરભાઈ ગાંધી (પૂર્વ સી.એફ.ઓ. વોશિંગ્ટન ડી.સી.), ભદ્રાયું વચ્છરાજાની, પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, છેલભાઈ વ્યાસ,મનોજ જોશી, ભકિતરામ બાપુ (માનવ મંદિર) વિગેરે ઉપસ્થિત રહયા હતા.

### દર વર્ષેની જેમ આ વર્ષે પણ બાળકોને ખુશ કર્યા

# ભૈવાહ : જાફરાબાદની પ્રાથિમિક શાળાઓમાં પુર્વ ધારાસભ્ય અંબરિષ ડેર દ્વારા પતંગ વિતરણ

### નાના ભૂલકાઓને પતંગની ભેટ મળતા ખુશ થયા


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા.૧૨

રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉતરાયણ પર્વને લઈને જાફરાબાદની પ્રાથમિક શાળાઓમાં નાના ભૂલકાઓને પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ એક થી ધોરણ આઠ સુધીના બાળકોને પતંગોનું વિતરણ થતાં નાના ભૂલકાઓમાં અંબરીષભાઈના નામનું બાળ કોમાં મોટી સંખ્યામાં ઉત્સાહ જોવા મળ્યો હતો તેમજ અંબરીષભાઈની ટીમ દ્વારા બાળ કોને સંધ્યા સમયે પતંગ ન ચડાવવી પક્ષીઓ સંધ્યા સમયે પોતાના માળામાં જતા હોય છે. તેમજ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારામાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢવું નહીં તેમજ વિજળીના તાર કે કેબલને અડશો નહીં તથા વિજળી કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહીં તેમ કરવાથી વિજળીના તાર ભેગા થતા મોટા ભડાકા થવાની તાર તુટી જવાથી અકસ્માત થઈ શકે તેવી ટીમ દ્વારા બાળકોને જણાવ્યું હતું પૂર્વ ધારાસભ્યે તેઓ લોકોના પ્રસંગ હોય કે પછી સેવાકીય બાબતે હર હંમેશા તત્પર રહ્યા છે. દર વર્ષ મકરસંક્રાંતિ આ પર્વ નિમિત્તે પ્રાથમિક શાળાઓમાં પતંગોનુ વિતરણ કરવામાં આવે છે. તેમજ ૯૮ રાજુલા વિધાનસભા સમાવિષ્ઠ રાજુલા, જાફરાબાદ, ખાંભા, તમામ ગામોની પ્રાથમિક શાળાઓમાં પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેરની ટીમ દ્વારા અલગ – અલગ ટીમો દ્વારા પતંગોનુ વિનામૂલ્યે વિતરણ થતાં વિધાર્થીઓમાં પણ ખુબજ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો તથા ટીમ દ્વારા જાફરાબાદની અલગ – અલગ શાળાઓમા પતંગોનુ વિતરણ જેમાં પ્રાથમિક સાગર શાળા, તેમજ પ્રાથમિક બ્રહન શાળા, પ્રાથમિક કન્યા શાળા, તાલુકા શાળા,પ્રાથમિક નૂતન શાળા,તમામ પ્રાથમિક શાળાઓમાં પતંગોનુ વિતરણ કરવામાં આવ્યું હતુ

## પાના ૮ ઉપરનું ચાલું ઉના તોડકાંડના આરોપી પીઆઈ

છે. જયારે અન્ય પોલીસ કર્મચારીઓમાં ઉનાના –૨૧, કોડીનારના –૨૨, પ્રભાસપાટણના– ૨, નવાબંદર મરીનના–૩, વેરાવળના ૧ ની બદલીના હુકમો કર્યા છે.

અત્રે નોંધનીય છે કે, છેલ્લા થોડા મહિનાઓ દરમ્યાન જીલ્લામાં દારૂની પ્રવૃત્તિઓથી લઈને દાણચોરી જેવા અનેક કિસ્સામાં જિલ્લાની જવાબદાર બ્રાન્ચના અને સ્થાનીક પોલીસના સ્ટાફની કથિત સંડોવણી હોવાની સામે આવેલ સનસનીખેજ વિગતોના લીધે પોલીસ કોઈને કોઈ વિવાદમાં જોવા મળી રહી હોવાથી પોલીસની છબી ખાડે ગઈ હોવાની પ્રબુદ્ધ લોકોમાં ચર્ચા થઈ રહી છે.

જેમાં ખાસ કરીને બીજ ગામના કિસ્સામાં તો બ્રાન્ચનો સ્ટાફ જ દારૂ વેચાણ કરાવતો હોવાનો ખુલ્લો આક્ષેપ સરપંચએ લગાવ્યો હતો. તો સુત્રાપાડા પોલીસના સ્ટાફએ પકડેલા દારૂનો મુદામાલ બારોબાર વેંચી માર્યાનો કીસ્સો સામે આવ્યો હતો. તો તાજેતરમાં એક દાણચોરીની કિસ્સો પણ જિલ્લાભરમાં ચર્ચાના ચકડોળે ચડયો છે જેમાં બ્રાન્ચના એક કર્મચારીની કથિત રીતે સંડોવણી હોવાની લોકોમાં ચર્ચા થઈ રહી છે.

ત્યારે આવા કિસ્સાઓમાં જિલ્લા ની મહત્વપુર્ણ બ્રાન્ચ ના જ સંડોવાયેલા અનેક કર્મીઓ રાજકીય ઓથ ધરાવતા હોવાથી કયાંક ને કયાંક આવા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી થતી નથી એવી પોલીસ બેડામાં જ અંદરખાને ચર્ચાઓ ઉઠી છે આવા રાજકીય પીઠબળ ધરાવતા વહીવટીયા કર્મચારીઓની બદલીઓ થઈ નથી તો બીજી તરફ ઉના તોડકાંડમાં તાબડતોડ થયેલ સાગમટે બદલીની કાર્યવાહી સામે પ્રબુદ્ધ નાગરીકો સાથે પોલીસબેડામાં જ અનેકવિધ ચર્ચાઓ સાથે સવાલો ઉઠયા છે. ત્યારે પોલીસની છબીને દાગ લગાડતીપ્રવૃત્તિમાં સામેલ જે કોઈ હોય તેઓ સામે સમાન કડક કાર્યવાહી કરવી જોઈએ તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૪૮ | ૧૪૭૬ |
| ૨ | મગફળી | ૧૧૫૦ | ૧૩૨૨ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૫૦ |
| ૪ | ચણા | ૮૮૫ | ૧૦૪૦ |
| ૫ | ઘઉં | ૪૯૦ | ૫૭૧ |
| ૬ | સોયાબીન | ૮૪૪ | ૮૯૨ |
| ૭ | તુવેર | ૧૪૮૦ | ૧૮૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૭૦ | ૧૩૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૧૯૦ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૨૯૦૧ |
| ૫ | કપાસ | ૧૨૦૧ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૧૬ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૪૮૬ |
| ૯ | જુવાર | ૯૫૦ | – |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૫૫૦ |
| ૧૧ | મગ | ૧૪૦૧ | – |
| ૧૨ | અડદ | ૧૩૦૦ | – |
| ૧૩ | ચણા | ૮૨૫ | ૧૦૨૫ |
| ૧૪ | સોયાબીન | ૮૫૧ | ૯૦૭ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૧૮૬૨ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૩૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૨૫ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૧૩૦ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૫ | બાજરો | ૪૪૧ | ૫૨૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૨૬ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| ૮ | મગ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| ૯ | મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૧૧ | તુવેર | ૬૨૫ | ૧૭૫૧ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૩૦ |
| ૧૩ | તલ પીળા | ૩૯૧૧ | ૪૦૫૧ |
| ૧૪ | સોયાબીન | ૬૦૦ | ૮૭૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૩ | ઘઉં | ૫૪૬ | ૫૬૦ |
| ૪ | ચણા | ૯૭૫ | ૯૭૫ |
| ૫ | ધાણા | ૧૦૦૨ | ૧૧૬૫ |
| ૬ | તુવેર | ૧૦૦૧ | ૧૭૫૧ |
| ૭ | મગ | ૧૭૭૧ | ૧૭૭૧ |
| ૮ | જુવાર | ૭૧૦ | ૭૧૦ |
| ૯ | અડદ | ૧૫૧૦ | ૧૫૧૦ |
| | એરંડા | ૧૦૫૮ | ૧૦૫૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૨૦ | ૧૨૮૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૩ | શિંગદાણા | ૧૨૭૦ | ૧૪૯૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૪૦ | ૩૫૨૬ |
| ૫ | તલ કાળા | ૨૭૫૦ | ૩૨૮૯ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૦૦ | ૪૧૬૭ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૪૯૨ |
| ૮ | જુવાર | ૪૯૮ | ૧૦૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૯ | ૬૪૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૩૦ | ૬૪૦ |
| ૧૧ | મગ | ૧૬૪૦ | ૧૬૪૦ |
| ૧૨ | અડદ | ૧૭૨૦ | ૧૭૪૫ |
| ૧૩ | ચણા | ૯૫૫ | ૧૦૯૯ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૯૫૧ |
| ૧૫ | કપાસ | ૯૫૪ | ૧૪૪૫ |
| ૧૬ | એરંડા | ૧૦૭૧ | ૧૦૯૮ |
| ૧૭ | જીરૂ | ૬૧૨૫ | ૬૧૨૫ |
| ૧૮ | રાયડો | ૯૧૨ | ૯૨૦ |
| ૧૯ | ધાણા | ૧૦૫૦ | ૧૨૯૧ |
| ૨૦ | મેથી | ૧૦૩૮ | ૧૦૬૨ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૯૧૧ |
| ૨૨ | રજકાનું બી | ૨૬૦૦ | ૩૨૫૦ |
| ૨૩ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૨૪૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૫ | ૧૫૦૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૨૫ | ૯૪૪ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૧ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૨૨ | ૧૧૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૪ | જુવાર સફેદ | ૮૮૧ | ૮૮૧ |
| ૫ | તુવેર | ૧૫૩૫ | ૧૯૨૧ |
| ૬ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૨ | ચણા | ૮૮૦ | ૧૦૩૫ |
| ૩ | મેથી | ૮૫૫ | ૮૯૫ |
| ૪ | ધાણા | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ૫ | બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૩૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૨ | ૬૦૩ |
| ૮ | સોયાબીન | ૮૭૩ | ૮૭૩ |
| ૯ | તુવેર | ૮૮૦ | ૧૩૫૫ |
| ૧૦ | રજકાબી | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | જુવાર | ૯૦૦ | ૯૫૦ |

# અમરેલીની આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ






ભારત સરકાર યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા જિલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગીના માર્ગદર્શન હેઠળ મારૂ ભારત વિકસિત ભારત@2047 થીમ પર જિલ્લા સ્તરીય વકૃત્વ સ્પર્ધાનું આયોજન કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજમાં તા.૧૦/૦૧/૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના આરંભમાં યુવાઓના આદર્શ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને માલ્યાપર્ણ કરી બાદમાં પ્રિન્સિપાલ એ.એચ.પટેલ તથા પ્રવીણ જેઠવા નહેરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વિકાસ કુમાર (એપીએ)નહેરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા નેહરૂ યુવા કેન્દ્ર વિષે માહિતી આપીને માય ભારત પોર્ટલના રજિસ્ટ્રેશન વિષે યુવાઓને સમજવામાં આવેલ. ત્યાર બાદ પ્રવીણભાઈ જેઠવા દ્વારા કાર્યક્રમની રૂપરેખા સમજાવી યુવાઓને નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ વકૃત્વ સ્પર્ધા શરૂ કરવામાં આવી. આ સ્પર્ધાના નિર્ણાયકના રૂપમાં પ્રો. જે.એમ.તળાવિયા કે.કે.પારેખ કોમર્સ કોલેજ ના, પ્રો.ડો.અશોક ચંદ્રવાડિયા, પ્રો. વિજય દવે કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજએ પોતાની સેવાઓ આપી હતી. વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પર રીયા ભટ્ટ, દ્વિતીય સ્થાન પર અદિતિ જેઠવા તથા તૃતીય સ્થાન પર જતિન રાઠોડ વિજેતા થતા કચેરી તરફથી તેમને ટ્રોફી આપવામાં આવેલ તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકો ને પ્રમાણપત્રો આપવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. વિજય દવે કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કચેરીના શિવમ ગોસાઈ (એનવાયવી), અમિત માધડ, કોલેજના પ્રો.ડો.અશોક ચંદ્રવાડિયા, પ્રો.ડો.અશોક પરમાર, કોલેજના ભૂતપૂર્વ વિધાર્થી ભૂષણ જોશી તથા કોલેજના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### વાહનોની અવરજવરનું પ્રમાણ સતત વધતુ હોય

## લાઠી–દામનગર સ્ટેટ હાઈવેને ફોરલેન બનાવો : ધારાસભ્ય જનક તળાવીયા

### ભુરખિયા મંદિરે વર્ષે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવે છે



લાઠી, તા. ૧૨

લાઠી તાલુકાના દામનગર શહેરથી લાઠી સુધી આવેલ સ્ટેટ હાઈવેની પહોળાઈ હાલ ૫.૫૦મીટર આવેલ છે તેમજ લાઠી દામનગર વચ્ચેનું અંતર કુલ ૧૬ કિલોમીટર જેટલું આવેલ હોય, લાઠી દામનગર સુધીના રોડમાં બંને સાઈડથી આઠ કિલોમીટરના અંતરે સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ભુરખીયા હનુમાનજીનું ભવ્ય મંદિર આવેલ છે.

ભુરખીયા મુકામે દર વર્ષ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે તેમજ દર વર્ષે ચૈત્ર માસમાં પૂર્ણિમાના દિવસે લોકમેળાનું ભવ્ય આયોજન પણ કરવામાં આવે છે લાઠી દામનગર વિસ્તારમાં ઉદ્યોગો પણ વધારે હોવાથી મોટા વાહનોની અવરજવર ખૂબ જ વધારે પ્રમાણમાં રહે છે તેમજ ટ્રાફિકની સમસ્યા વધારે રહેવાના કારણે અવાર નવાર અકસ્માતના બનાવો બનતા હોય જેથી દામનગર લાઠી સ્ટેટ હાઈવે ૫.૫૦ મીટરના રોડને ચારમાર્ગીય (ફોર લેન) રોડ બનાવવામાં આવે તો દામનગરથી લીમડા(હનુભાના) ગામેથી નીકળેલ રાજકોટ ભાવનગર હાઈવેને પણ લાગુ પડતો રોડ બની શકે તેમ છે. જેથી અમરેલી લાઠી થી ભાવનગર તરફ જતા વાહનોને ત્યાંથી ચલાવી શકાય જેથી અમરેલીથી ભાવનગર સુધીના કિલોમીટરનું અંતર પણ ઘટી શકે તેમ હોય અને આ સ્ટેટ હાઈવે ૫.૫૦ મીટર ને ચારમાર્ગીય (ફોરલેન) રોડ મંજૂર કરવામાં આવે અને પવિત્ર યાત્રાધામ શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર ગામથી લાઠી તરફ આવેલ તાજપર ગામ સુધી તેમજ દામનગર તરફ એક કિલોમીટરના અંતર સુધી ડિવાઈડર બનાવવામાં આવે તો યાત્રાધામ ભુરખીયા (હનુમાનજી) ગામનો પણ વિકાસ થઈ શકે તેમ છે તે માટે આ સ્ટેટ હાઈવેને ફોરલેન રોડ બનાવવાના કામને આગામી બજેટમાં નવી બાબત તરીકે સમાવેશ કરવા લાઠી બાબરાના કર્મનિષ્ઠ અને કામમાં માનનારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી હતી.

## દામનગરની સ્વચ્છતા કરનાર સફાઈ કામદારોને અન્યાય બંધ



દામનગર, તા. ૧૨

''વિકાસશીલ ગુજરાતમાં સફાઈ કર્મચારીઓનું શોષણ બંધ થવુ જરૂરી. સમગ્ર સફાઈ કર્મચારી ભાઈઓ–બહેનો સ્વચ્છતાનું પ્રતીક છે. સાચા કર્મયોગી છે.''–અતુલ શુકલ. સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૩માં સુરત શહેરે ઈન્દોર સાથે સંયુકત રીતે પ્રથમ નંબર મેળવ્યો તે અતિ ગૌરવ અને ખુશીની પળો છે. ગુજરાતમાં ૧૬૩ નગરપાલિકાઓ છે. જેમાં અ–બ–ક–ડ કક્ષાની છે. રાજય સરકાર દર વર્ષે સ્વચ્છતા માટે દરેક નગરપાલિકાઓને કરોડોની ગ્રાન્ટ તો ફાળવે છે, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલ લઘુતમ વેતન કેટલી નગરપાલિકાઓના સત્તાધીશો રોજમદાર સફાઈ કામદારોને ચૂકવે છે...!!? તે મોટો સવાલ છે.. અસહ્ય મોંઘવારીમાં કેટલાય કર્મચારીઓને આપવામાં આવતા ઓછા વેતનને કારણે પોતાના પરિવારોનું જીવન નિર્વાહ કરવું મુશ્કેલ બની રહ્યું છે. સ્વચ્છ સર્વેક્ષણની કરોડો રૂપિયાની જાહેરાતો થાય છે. પણ જયારે સફાઈ કામદારોને નક્કી કરેલા વેતનના દર ચૂકવવામાં સત્તાધીશો મન–માની કરતા હોય છે..! જે સૌ કોઈ જાણે છે.. ચૂંટાયેલા પ્રતિનિધીઓ પણ આ જાણતા હોવા છતાં આંખ આડા કાન કરતાં હોય છે તે ખરેખર યોગ્ય ન કહેવાય... લોકોએ ચૂંટીને મોકલેલા પ્રતિનિધિ આ વિકાસની વાત કરતા હોય તે હાસ્યાસ્પદ ગણાય. ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સફાઈ કામગીરી કરતા સફાઈ કામદારોને લઘુતમ વેતન મળે અને તેઓને નહિ આપવામાં આવતા સરકારી લાભો પણ આપવામાં આવે એવી માંગ અતુલ શુકલે ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા સમક્ષ કરી છે.

## અમરેલી : શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલમાં સ્વામી વિવેકાનંદ જન્મદિન–રાષ્ટ્રીય યુવાદિનની ઉજવણી



અમરેલી, તા. ૧૨

શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અમરેલીમાં આજરોજ સ્વામી વિવેકાનંદનાં જન્મદિન–રાષ્ટ્રીય યુવા દિન ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ભાવપૂર્વક ઉજવાયો. જેમાં સંસ્થાનાં ડાયરેકટર વસંતભાઈ પેથાણી, શિક્ષક સ્ટાફ ભાઈ–બહેનોએ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પો અર્પણ કરી તેમનાં જન્મદિનને યાદ કર્યો હતો. ભારતીય સંસ્કૃતિની મહાનતા વિશ્વ ફલક પર ઉજાગર કરનાર અને સમગ્ર રાષ્ટ્રનાં યુવાધનમાં ચેતનાનો સંચાર તથા રાષ્ટ્ર ભાવના જગાડનાર વિવેકાનંદ વિશ્વ વંદનીય વિભૂતિ છે. તેમનું જીવન, કાર્ય અને વિચારો સમગ્ર ભારતને નૂતન ઉર્જાથી ભરે છે. તેમના તેજસ્વી વિચારોએ ભારતનાં ભવ્ય સાંસ્કૃતિક વારસા તરફ ગૌરવની દ્રષ્ટિ દેશને આપી છે, ત્યારે તેમનો જન્મદિન– રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવાય તે સાર્થક છે.

શાળામાં મહાન વિભૂતિઓનાં જન્મદિન ઉત્સાહથી .જવાય છે. જે વિદ્યાર્થીઓનાં જીવન ઘડતર માટે પ્રેરણાદાયી છે. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ તથા ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે સૌને હૃદયપૂર્વક શુભકામના પાઠવીને સ્વામી વિવેકાનંદનાં જીવનમાંથી પ્રેરણા અને માર્ગદર્શન લેવા આહ્વાન કર્યું હતું.

### મકરસંક્રાંતિ પર્વની ઉજવણીનાં ભાગરૂપે

## લીલીયા મોટા ખાતે ધારાસભ્ય કસવાલાએ બાળકોમાં પતંગ વિતરણ કરી

### ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા ધારાસભ્યએ શીખ આપી



લીલીયા, તા. ૧૨

લીલીયા મોટા કુમાર પે સેન્ટર શાળા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મકરસંક્રાંતિ પર્વને લઈને બાળકોમાં પતંગ વિતરણ કરવામાં આવી હતી. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ બાળકોને શીખ આપતા જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા કરૂણા અભિયાનનો પ્રારંભ કર્યો છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૯૬૨ નંબર પર ઘાયલ પક્ષીઓ માટે એમ્બ્યુલન્સ સારવાર કાર્યરત છે અને સવારના ૯ પહેલા અને સાંજના પાંચ વાગ્યા પછી પતંગ ન ચગાવવા ધારાસભ્યએ અપીલ કરી હતી. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, જીગ્નેશ સાવજ, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, આનંદ ધાનાણી, કાનજીભાઈ નાકરાણી, કેપ્ટન ધામત, જયસુખભાઈ સુરાણી, ઘનશ્યામભાઈ મેઘાણી, કેતનભાઈ ઢાકેચા, ભરતભાઈ હેલૈયા, સહિતના કાર્યકર અને શિક્ષક ગણ ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ગાયનાં પેટમાં જતા અટકાવવા ઉતમ નિર્ણય

## અરે વાહ : અમરેલીમાં પંતગનાં વેસ્ટ દોરા ઈનર વ્હીલ કલબ ખરીદી લેશે

### વેસ્ટ દોરા આપનારને રોકડ રકમ અપાશે

અમરેલી, તા.૧૨

અમરેલીમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરનાર ઈનર વ્હીલ કલબ દ્વારા ગૌ–માતાનાં આરોગ્ય અને જીંદગી માટે મકરસંક્રાંતી પર્વે એક મહત્વનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં પતંગના વેસ્ટ દોરા જયાં જયા લટકતા હોય કે જાહેર માર્ગો કે ખુલ્લા સ્થળ પર પડયા હોય તેને એકત્ર કરીને ઈનર વ્હીલ કલબનાં નિર્ધારીત સ્થળ એઈટઈટ મોર ઠાકર થાળ નીચે, ડો.જીવરાજ મહેતા, અમુલ પાર્લર, ચિતલ રોડ, ઓમ પાન સેન્ટર પટેલ સંકુલની સામે અને હરભોલે ફરસાણ, વરસડા રેલ્વે ફાટક પાસે જે કોઈ વ્યકિત આપશે તેમને રોકડ રકમથી પ્રોત્સાહિત કરવામાં આવશે તેમ એક યાદીમાં ઈનર વ્હીલ કલબે જણાવેલ છે.


## શ્રી વાંડળિયા પ્રાથમિક શાળા

મુ.વાંડળિયા, તા.બાબરા, જિ.અમરેલી.

### જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જાહેર નિવેદન કરવામાં આવે છે. વાંડળિયા પ્રાથમિક શાળા ખાતે ૨ સ્લેબવાળા રૂમ છે જે સ્થિતિમાં જર્જરિત રૂમોની ફકત ઈમલાની જાહેર હરરાજી આગામી તારીખ ૨૦/૦૧/૨૦૨૪ ના રોજ સવારે ૯:૩૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ શરતોને આધીન સ્વખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેરાત કરવામાં આવે છે. શાળાના મેદાન લેવલ પ્રમાણે ચોખ્ખો પ્લોટ કરવાનો રહેશે. હરરાજીમાં બોલી બોલનારે રૂા. ૧૧૦૦ અંકે અગિયારસો પુરા ડીપોજીટ ભરવાની રહેશે અને વર્ક ઓર્ડર મેળવનારે હરરાજીની ૪૦% રકમ સ્થળ ઉપર જમા કરાવવાની રહેશે તથા શરતો અને નિયમો સ્થળ ઉપર રૂબરૂ સંભળાવવામાં આવશે.

| પટેલ એન. આર. | પડસાળા શૈલેષ એન | શાળા વ્યવસ્થાપન સમિતિ |
|---|---|---|
| આચાર્યશ્રી | અધ્યક્ષશ્રી | વાંડળિયા પ્રાથમિક શાળા |
| શ્રી વાંડળિયા પ્રાથમિક શાળા | શાળા વ્યવસ્થાપન સમિતિ | તા. બાબરા, |
| તા.બાબરા, જિ. અમરેલી. | શ્રી વાંડળિયા પ્રાથમિક શાળા | જી. અમરેલી. |


# ચલાલા ખાતે રોટરી કલબ (ગીર) દ્વારા નિ : શૂલ્ક કેન્સર નિદાન કેમ્પ યોજાયો






ચલાલા–મિઠાપુર (ડુંગરી) માં પટેલ વાડીમાં રોટરી કલબ ઓફ અમરેલી (ડિસ્ટ્રીક ૩૦૬) દ્વારા અને સ્વ. નરસિંહભાઈ ભગવાનભાઈ સભાયા (મોટા ગરમલી) નાં સ્મરણોથે... સ્તન કેન્સર તથા ગર્ભાશય ચુપનું નિઃ શુલ્ક કેન્સર ડિરેકશન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં આધુનિક મશીનરી દ્વારા જરૂરીયાત મુજબ પંપ – સ્મીયર ટેસ્ટ, મેમોગ્રાફી, એકસરેની તપાસ વિના મૂલ્યે કરી આપવામાં આવી હતી. આ નિદાન કેમ્પ માટે જે મોબાઈલ વાહન લાવવામાં આવેલ હતું. તેની કિંમત રૂા. અઢી કરોડની હતી. અને જાણવા માળેલ વિગત મુજબ કોઈ વ્યકિત પ્રાઈવેટ દવાખાનાંમાં આ નિદાન કરાવે તો રૂા. અઢાર હજારનો ખર્ચ થાય છે. આ કેમ્પમાં ૧૧૧ બહેનોએ તપાસ કરાવી નિદાન કરાવ્યું હતું. કેન્સર રોગોનો ફેલાવો ખુબજ હોય અને તેની સારવાર પણ ખુબ જ ખર્ચાઈ હોય અને જે વ્યકિતને કેન્સર થયું હોય ત્યારે લાસ્ટ સ્ટેજે જાણ થતી હોય ત્યારે સારવાર માટે ખુબ સમય વીતી ગયો હોય માટે અગાવથી તપાસ અને નિદાન થઈ જાય તો સારૂ પરિણામ આવે તે માટે આવા કેમ્પ થાવા ખુબ જરૂરી હોય ત્યારે રોટરી કલબ ઓફ અમરેલી અને સ્વ. નરસિંહભાઈ ભગવાનભાઈ છભાયા પરીવારને ઉપસ્થિત આગેવાનોએ ધન્યવાદ સહ અભિનંદન આપી આવી સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી.

## પૂ. મોરારિબાપુની ખાસ ઉપસ્થિતિ અને મહાનુભાવોની હાજરીમાં

# સા.કુંડલા ખાતે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા "પર્વ ત્રયોદશી-૨૦૨૪" ની ઉજવણી

**શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પર્વ ત્રયોદશી કાર્યક્રમ યોજાયો**

**૯ વર્ષ પહેલા સંસ્થા દ્વારા કાર્યરત થયેલ લલ્લુભાઇ શેઠ આરોગ્ય મંદિરમાં હજારો દર્દીઓની સારવાર વિનામુલ્યે શરૂ થઇ**

**ઘુંટણ અને થાપાના સાંધા બદલવાના અને મણકાના ઓપરેશનના વિભાગનો પૂ. મોરારિબાપુના હસ્તે પ્રારંભ**

**સાહિત્યકારોને પણ વિવિધ એવોર્ડ એનાયત કરવામાં આવશે**



તસ્વીર/અહેવાલ : પ્રતાપ ખુમાણ-કેવલ વેલાણી-સા.કુંડલા

સાવરકુંડલા, તા. ૧૨

સાહિત્ય, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સાવરકુંડલા ખાતે સુપેરે કાર્યરત સંસ્થા વિદ્યાગુરૂ ફાઉન્ડેશનદ્વારા પ્રતિવર્ષની જેમ પર્વ ત્રયોદશી કાર્યક્રમનું આગામી ૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ જે.વી. મોદી હાઇસ્કુલ ગ્રાઉન્ડમાં આયોજન થયું હતું.આ કાર્યક્રમ ૧૩ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે ઉજવાય રહ્યો છે. દેશ વિદેશના દાતાશ્રીઓ, આમંત્રિત મહાનુભાવો, વિવિધ કલા સાધકો, સાહિત્યકારો અને સંસ્થા સાથે જોડાયેલા શુભેચ્છકો બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી છે.

નવ વર્ષ પૂર્વે આ સંસ્થા દ્વારા સ્થપાયેલ તદ્દન નિઃશુલ્ક હોસ્પિટલ લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિરને જનસમાજનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે અને આ નવ વર્ષમાં સોળથી વધુ લોકોએ આ આરોગ્ય સેવાનો લાભ લીધો છે. સમાજની અપેક્ષાથી પ્રેરાઈને આ

(અનુસંધાન પાના ૬ ઉપર)

**આરોપી પાસેથી જામીન પર છોડવા માટે ૯ વર્ષ પહેલા ૧૫ હજારની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા**

# અમરેલીનાં મહિલા પોલીસ સ્ટેશનનાં તત્કાલિન મહિલા પી.એસ.આઇ. સવનિયાને ૪ વર્ષની સજાનો હુકમ

**સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલોનાં આધારે એસ.સી.બી. કોર્ટનો ચુકાદો**

અમરેલી, તા.૧૨

અમરેલી મહિલા પોલીસ સ્ટેશનનાં આજથી લગભગ નવ વર્ષ પહેલા મહિલા પી.એસ.આઈ. રૂપિયા ૧૫ હજારની લાંચા લેતા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ ઝડપી લીધા હતા. આ અંગેનો કેસ અત્રેની સ્પે.એસી.બી.કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલોને માન્ય રાખી મહિલા આરોપીને રૂપિયા ૫૦ હજારનો દંડ અને ચાર વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી મહિલા પોલીસ સ્ટેશનનાં આજથી લગભગ નવ વર્ષ પહેલા મહિલા પી.એસ.આઈ.તરીકે ।

(અનુસંધાન પાના ૬ ઉપર)

**આરોપી મુકેશભાઈ પરમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ**

# ખાંભાના મોટા બારમણ ગામે દીકરાની સ્કોલરશીપ મેળવવા ખોટા પ્રમાણપત્રો રજુ થયા

**પી.એસ.આઈ આર. એચ. રતને વધુ તપાસ હાથ ધરી**

ખાંભા, તા.૧૨

ખાંભા તાલુકાનાં મોટા બારમણ ગામે રહેતા દેવશીભાઈ કાનાભાઈ વાઢેર ગ્રામ પંચાયતનાં સરપંચ તરીકે સેવા આપતા હતા. ત્યારે ગત તા.૧/૯/૨૩ થી તા.૩૦/૯/૨૦૨૩ સુધી કોઈપણ સમયે તે જ ગામે રેહતા મુકેશભાઈ કરશનભાઈ પરમાર નામનાં આરોપીએ તેનાં દીકરા તરૂણની ધોરણ-૮ ના અભ્યાસ વખતે ભારત

(અનુસંધાન પાના ૬ ઉપર)

**અહેમદપુર માંડવી ચેક પોસ્ટનો તોડકાંડનો મામલો**

# ઉના તોડકાંડના આરોપી પીઆઇ સહિતના ૭ પોલીસ કર્મીઓની હેડકવાર્ટરમાં બદલી કરવામાં આવી

**રાજકીય ઓથ ધરાવતા કર્મીઓ સામે કાર્યવાહી થતી ન હોવાની પોલીસબેડામાં જ ચર્ચા શરૂ થઈ**

ઉના, તા. ૧૨

ગીર સોમનાથ જીલ્લાની અહેમદપુર માંડવીની ચેક પોસ્ટ ઉપર થર્ટી ફસ્ટ પૂર્વે પોલીસમાં રહેલ ભ્રષ્ટાચાર સામે એસીબીએ કરેલ કામગીરી બાદ ખરડાયેલી જીલ્લા પોલીસની છબીને સુધારવા માટે પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ એકશનમાં આવીને ઉના-કોડીનાર અને નવાબંદરના ૪૯ જેટલા પોલીસકર્મીઓની આંતરીક બદલી કરવાની સાથે તોડકાંડના આરોપી ઉનાના પીઆઈ નિલેશ ગોસ્વામી અને એએસઆઈ નિલેશ મૈયાની ઉપરાંત એસીબીની રડારમાં રહેલ પાંચ પોલીસકર્મીઓ હેડ કોન્સ. મહેશ ગોહીલ, હેડ કોન્સ. અભેસિંહ ચૌહાણ, પો.કોન્સ. ઉદયસિંહ ગોહીલ, પો.કોન્સ. હિરેન જોશી, પો.કોન્સ. રમેશ રાઠોડની હેડકવાર્ટરમાં બદલી કરી

(અનુસંધાન પાના ૬ ઉપર)


**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

**મેડીકલ ઓફીસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)


**રિસેપ્સનિસ્ટ - ૧**
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-

**મેડીકલ સ્ટોર**
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL



ક્રિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઇ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

SAMSUNG સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઇલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...



સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭






**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત**
**વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૨-૦૧-૨૦૨૪ થી તા. ૨૦-૦૧-૨૦૨૪**

**કાયચિકિત્સા વિભાગ**
ડૉ. કૈલાસ ડાભી (M.D.AYU.) | ડૉ. થુલ્યા મોહનદાસ (M.D.AYU.)
કોરોના મુક્ત થયા બાદ જણાતા લક્ષણોની સારવાર (Post Covid care) ડાયાબીટીસ, થાઇરોડ, લીવરની તકલીફ, કીડનીના રોગોની સારવાર સોરીયાસીસ, (IBS), ખીલ, સફેદ દાગ (કોઢ), જુદા જુદા મસા, વારંવાર થતા ગુમડાની સારવાર, ખોડો, એલર્જી જેવા રોગોની સર્વ શ્રેષ્ઠ સારવાર

**સ્ત્રીરોગ વિભાગ**
ડૉ. ગાંધાલી (M.S.AYU.) | ડૉ. શિલા પંત (M.S.AYU.)
સ્ત્રીઓના પ્રસૃતિ તથા નિઃસંતાનપણુ, જાતીય નબળાઈ, સ્ત્રીઓની માસિક-સંબંધી તકલીફો તેમજ શરીર ધોવાવું, ગર્ભ સંસ્કાર તથા ગુપ્ત રોગોની સર્વશ્રેષ્ઠ સારવાર

**બાળરોગ વિભાગ**
ડૉ. ધન્યા રાજ (M.S.AYU.)
બાળકોના વજનના વધતુ હોય તથા બાળકોના શરીરનો વિકાસ ન થતો હોય તેની પંચકર્મ સારવાર, બાળકોને પેટના રોગ પ્રતિકારક શકિત અને બુધ્ધીશકિત વધારવા માટે તેમજ બાળકોના માનસિક રોગો, પથારી પલાળવી, ઓછી યાદ શકિત તથા બાળકના વૃધ્ધિ-વિકાસ માટે સુવર્ણપ્રાશન

**શાલક્ય વિભાગ**
ડૉ. ભૂમિ મહેતા (M.S.AYU.) | ડૉ. પૌસ પૌલોસ (M.S.AYU.)
આંખ, નાક, કાન, ગળુ, આંખના નંબર ઘટાડવા માટે અક્ષિતર્પણ જેવી પ્રાચીન પધ્ધતિથી સારવાર ઉપરાંત નસ્ય કર્ણપુરણ, કવલ, ગંડુષ જેવા ક્રિયાકલ્પો દ્વારા અન્ય રોગોની સારવાર, મોં અને શીરો રોગની સારવાર તેમજ ખાસ કરીને સૌંદર્યલક્ષી રોગો જેવા કે ખીલ, વાળ ખરવા, ખોડો, ડાઘ, ઉંદરી તથા નાની ઉંમરે થતાં સફેદ વાળની સારવાર

**શલ્ય વિભાગ**
ડૉ. ફારૂક અહમદ (M.S.AYU.) | ડૉ. કાજલ બગડા (M.S.AYU.)
કપાસીનો સચોટ, હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસૂત્રથી ઓપરેશન તથા સારવાર રાહતદરે
મૂત્રાશયની પથરી, અલ્પમૂત્રતા ઉભવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવ્રણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર, લાંબા સમયથી ન રૂઝાતા ઘા કે જખ્મો દ્વારા સારવાર

**આયુર્વેદિક પંચકર્મ વિભાગ**
ડૉ. હિરલ ગોહેલ (M.D.AYU.) | ડૉ. જયંત મારપાલિકર (M.D.AYU.)
ગાદીનો ઘસારો, પક્ષઘાત, માથુ દુઃખવું, ગાઉટ (ગઠીયો વા), ઉંઘ ન આવવી, માનસિક તણાવ, ઓબેસીટી, વાળ ખરવા, ખીલ વગેરે રોગોની પંચકર્મની સારવાર

**પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર**
- પંચકર્મ સારવાર - વિરેચન - બસ્તિ નસ્ય - શિરોધારા - શિરોબસ્તિ - પિંડ સ્વેદન - અભ્યંગ સ્વેદન - સાંધાના દુઃખાવા - સાઈટીકા - સ્નાયુના દુઃખાવા - અગ્નિકર્મ દ્વારા સારવાર....
સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ** (ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ - ૨૨૪૫૨૫
દવા તદ્દન ફ્રી આપવામાં આવશે


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)